અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો સુદ ૧૨

વર્ષ : ૧૬
અંક : ૭૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં જીતનો સિલસિલો યથાવત રાખ્યો

## ભારતીય હોકી ટીમે પાકિસ્તાનને ૨-૧થી હરાવ્યું, સતત પાંચમી જીત

### ભારત માટે બંને ગોલ કેપ્ટન હરમનપ્રીત સિંહે (૧૩મી મિનિટ અને ૧૯મી મિનિટે) કર્યા : પાકિસ્તાન તરફથી એકમાત્ર ગોલ અહેમદ નદીમે કર્યો હતો

। (એજન્સી) બેઈજીંગ, તા.૧૪ ।

ભારતીય હોકી ટીમે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૪માં તેની જીતનો સિલસિલો જારી રાખ્યો છે. ભારતે આજે શનિવારે ચીનના હુલુનબુહર ખાતે રમાયેલી મેચમાં કટ્ટર હરીફ એવા પાકિસ્તાનને ૨-૧થી હરાવ્યું છે. ભારત માટે બંને ગોલ કેપ્ટન હરમનપ્રીત સિંહે (૧૩મી મિનિટ અને ૧૯મી મિનિટે) કર્યા હતા. બીજી તરફ પાકિસ્તાન તરફથી એકમાત્ર ગોલ અહેમદ નદીમે (૭મી મિનિટે) કર્યો હતો. આ ટુર્નામેન્ટમાં ભારતીય હોકી ટીમની આ સતત પાંચમી જીત હતી. ભારતીય ટીમ પહેલાથી જ સેમીફાઈનલમાં પહોંચી ગઈ હતી.



મેચ દરમિયાન પહેલા ક્વાર્ટરમાં બંને ટીમો વચ્ચે જોરદાર મુકાબલો જોવા મળ્યો હતો. પાકિસ્તાને રમતની સાતમી મિનિટે લીડ મેળવી, જ્યારે હન્નાન શાહિદ ઝડપથી ભારતીય સર્કલમાં પહોંચી ગયો અને અહેમદ નદીમને પાસ આપ્યો. નદીમે ભારતીય ગોલકીપર ક્રિષ્ના બહાદુર પાઠકને ડોચ કરીને ગોલ કર્યો હતો. લગભગ ૬ મિનિટ બાદ ભારતીય કેપ્ટન હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નરથી ગોલ કરીને બરાબરી કરી હતી. બીજો ક્વાર્ટર ભારતના નામે રહ્યો હતો, જેમાં હરમપ્રીત સિંહે પેનલ્ટી કોર્નર દ્વારા બીજો ગોલ કરવામાં સફળતા મેળવી હતી.

મેચના હાફ ટાઈમ સુધી ભારત ૨-૧થી આગળ રહ્યું હતું. ત્યારપછી ત્રીજા ક્વાર્ટરમાં પાકિસ્તાને બરાબરી કરવાનો પ્રયાસ કર્યો, જે દરમિયાન તેને કેટલાક પેનલ્ટી કોર્નર પણ મળ્યા. પરંતુ ભારતીય ડિફેન્સે આ તકોને નિષ્ફળ બનાવી દીધી હતી. ભારતીય ટીમને આ ક્વાર્ટરમાં ગોલ કરવાની તકો પણ મળી હતી, પરંતુ તે ફાયદો ઉઠાવી શકી નહીં. આ પછી ચોથા ક્વાર્ટરમાં બંને ટીમો એક પણ ગોલ કરી શકી ન હતી.

વર્તમાન ટુર્નામેન્ટમાં ભારતીય હોકી ટીમની આ સતત પાંચમી જીત હતી. ભારતીય ટીમે અગાઉની મેચમાં કોરિયાને ૩-૧થી હરાવ્યું હતું. તે પહેલા ભારતે મલેશિયાને ૮-૧થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ પહેલા પણ ભારતીય હોકી ટીમે ચીનને ૩-૦ અને જાપાનને ૫-૦થી હરાવ્યું હતું. તાજેતરના સમયમાં પાકિસ્તાન સામે ભારતનો દબદબો યથાવત છે. ગયા વર્ષે હાંગઝોઉ એશિયન ગેમ્સમાં ભારતે પાકિસ્તાનને ૧૦-૨થી હરાવ્યું હતું. આ પહેલા ચેન્નાઈમાં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે પાકિસ્તાન પર ૪-૦થી જીત મેળવી હતી. જકાર્તામાં ૨૦૨૨ એશિયા કપમાં, યુવા ભારતીય ટીમે પાકિસ્તાન સાથે ૧-૧થી ડ્રો મેચ રમ્યો હતો, જ્યારે ૨૦૨૧ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં, ભારતે પાકિસ્તાનને ૪-૩થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ ટૂર્નામેન્ટમાં ભારત સહિત કુલ છ ટીમો ભાગ લઈ રહી છે. ગ્રુપ સ્ટેજમાં તમામ ટીમોએ પાંચ-પાંચ મેચ રમવાની છે. સેમીફાઈનલ અને ફાઈનલ અનુક્રમે ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે રમાશે. ભારત આ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનવા માટે પ્રબળ દાવેદાર છે. ભારતે ગયા વર્ષે હોમ ગ્રાઉન્ડ પર ટાઈટલ જીત્યું હતું, જેનાથી તે ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ ૪ ટાઈટલ જીતનારી ટીમ બની હતી. ભારતે આ મામલે પાકિસ્તાનને હરાવ્યું હતું, જેણે ત્રણ વખત ખિતાબ જીત્યો હતો. ભારત અને પાકિસ્તાન સિવાય માત્ર કોરિયાએ આ ટૂર્નામેન્ટ એક સમયે જીતી છે. કોરિયાએ ૨૦૨૧ની સિઝનમાં ટાઈટલ જીત્યું હતું.

### ન્યૂઝ બ્રિફ

#### એન્કાઉન્ટરમાં ૨ આતંકીઓ ઠાર, ૨ જવાન પણ શહીદ

। (એજન્સી) જમ્મુ, તા.૧૪ ।

જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે પીએમ મોદીની ડોડામાં રેલી હતી. તેમની રેલીના ગણતરીના કલાકો પહેલા કઠુઆ અને કિશ્તવાડમાં આતંકીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ થઈ. આતંકવાદીઓનો એક એક કરીને ખાતમો થઈ રહ્યો છે. આ બધા વચ્ચે કઠુઆમાં ૨ આતંકીઓ ઠાર થયા. જ્યારે કિશ્તવાડમાં ૨ જવાન શહીદ થઈ ગયા. સેનાના અધિકારીઓના જણાવ્યાં મુજબ ઘાયલ જવાનોની હાલત સ્થિર છે. સારવાર હેઠળ છે. આતંકીઓ અંગે જાણકારી મળ્યા બાદ ૧૧ રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ કાશ્મીર પોલીસની એક સંયુક્ત ટુકડીએ ચટરુ વિસ્તારના પિંગનાર દુગડ્ડા વન વિસ્તારમાં સર્ચ અભિયાન ચલાવ્યું હતું.

#### રોડ શોમાં ફટાકડાં ફોડવામાં આવતા પોલીસ કેસ નોંધાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટે જામીન આપી દીધા છે. આ જામીન સાથે જ સુપ્રીમ કોર્ટે અમુક શરતો પણ રાખી છે. આ શરતો હેઠળ કેજરીવાલ સીએમ ઓફિસનો ઉપયોગ નહીં કરી શકે અને કોઈપણ સરકારી દસ્તાવેજ પર સહી નહીં કરી શકે. જોકે જામીન પર જેલથી બહાર આવતા જ તેમનું ભવ્ય રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

## મમતા બેનર્જી ધરણા કરી રહેલા ડોક્ટરો વચ્ચે અચાનક પહોંચ્યા

### હું તમારી પીડા સમજું છું, તેથી જ હું તમારી સાથે છું, મને મારા પદની ચિંતા નથી : મમતા

। (એજન્સી) કોલકાતા, તા.૧૪ ।

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં જુનિયર ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસને લઈને કોલકાતામાં હજારો જુનિયર ડોક્ટરો વિરોધ કરી રહ્યા છે. આ દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી આરોગ્ય વિભાગની બહાર વિરોધ મંચ પર પહોંચ્યા, જ્યાં જુનિયર ડોકટરો "વી વોન્ટ જસ્ટિસ" ના નારાઓ વચ્ચે આંદોલન કરી રહ્યા છે. આ દરમિયાન સીએમ મમતાએ કહ્યું, હું તમારી પીડા સમજું છું, તેથી જ હું તમારી સાથે છું. મને મારા પદની ચિંતા નથી. મેં મારા વિદ્યાર્થી જીવન દરમિયાન પણ ઘણું આંદોલન કર્યા છે. અમે તમારી સુરક્ષા વિશે ચિંતિત છીએ. આ લોકો છેલ્લા મહિનાથી આરજી કર હોસ્પિટલમાં બળાત્કાર અને હત્યા કેસમાં ન્યાયની માંગ સાથે આંદોલન કરી રહ્યા




છે. આ પહેલા ગુરુવારે (૧૨ સપ્ટેમ્બર) લાઈવ ટેલિકાસ્ટના આગ્રહને કારણે મમતા સાથે આંદોલનકારી ડોક્ટરોના પ્રતિનિધિમંડળની બેઠક થઈ શકી ન હતી. મમતા સાથે ડીજીપી રાજીવ કુમાર પણ હાજર હતા. મમતા ત્યાં પહોંચતા જ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તેમણે જુનિયર ડોકટરોને તેમના વિચારો વ્યક્ત કરવાની તક આપવા વિનંતી કરી. આ દરમિયાન સીએમ મમતા બેનર્જીએ કહ્યું, હું તમારા આંદોલનને સલામ કરું છું. કારણ કે, હું પણ વિદ્યાર્થી આંદોલનની ઉપજ છું. મમતાએ કહ્યું, તમે લોકો રસ્તા પર હોવાને કારણે હું પણ રાત્રે સૂઈ શકી નથી. એક રખેવાળ તરીકે મારે જાગવું પડ્યું છે. જો તમે લોકો કામ પર પાછા ફરો છો, તો હું વચન આપું છું કે તમારી બધી માંગણીઓ પર હું સહાનુભૂતિપૂર્વક વિચાર કરીશ. તેમણે કહ્યું, દરેક સાથે વાતચીત થશે અને ગુનેગારોને સજા આપવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યુ કે હું સીબીઆઈને ગુનેગારોને ફાંસીની સજા આપવાની માંગ કરું છું. બંગાળના સીએમ એવા સમયે વિરોધ સ્થળ પર પહોંચ્યા છે જ્યારે સોલ્ટ લેકમાં આરોગ્ય વિભાગની ઓફિસની બહાર જુનિયર ડોકટરોનું પ્રદર્શન પાંચમા દિવસે પણ (મુશળધાર વરસાદ હોવા છતાં) ચાલુ રહ્યું હતું.

### સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી

## નક્સલવાદી કમાન્ડર હિડમા ગામમાં પોલીસ કેમ્પ પર હુમલો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

જવાબી કાર્યવાહી બાદ નક્સલીઓએ ત્યાંથી ભાગવું પડ્યું હતું. ૨૦ મિનિટ સુધી ચાલેલા એન્કાઉન્ટરમાં સુરક્ષા જવાનો, સૈનિકો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ ગોળીબાર થયો હતો. જો કે આ એન્કાઉન્ટરમાં કોઈ નુકસાનના સમાચાર નથી. નક્સલવાદીઓએ ટોચના નક્સલવાદી કમાન્ડર હિડમાના પુવારતી ગામમાં પોલીસ કેમ્પ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ કેમ્પની સ્થાપના આ વર્ષે કરવામાં આવી હતી. આ પ્રકારનો પ્રયાસ પ્રથમ વખત કરવામાં આવ્યો છે. નક્સલી હુમલા બાદ સુરક્ષાદળોએ જવાબી કાર્યવાહી કરી હતી. જવાબી કાર્યવાહી બાદ નક્સલીઓએ ત્યાંથી ભાગવું પડ્યું હતું. ૨૦ મિનિટ સુધી ચાલેલા એન્કાઉન્ટરમાં સુરક્ષા જવાનો, સૈનિકો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ ગોળીબાર થયો હતો. જો કે આ



એન્કાઉન્ટરમાં કોઈ નુકસાનના સમાચાર નથી. શુક્રવારે પોલીસ દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, 'આજે ૧૩ સપ્ટેમ્બરના રોજ સાંજે લગભગ ૬:૩૦-૭:૦૦ વાગ્યે જાગરગુંડા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના સુરક્ષા કેમ્પ પર નક્સલવાદીઓએ હુમલો કર્યો હતો. નક્સલવાદીઓએ સુરક્ષા દળોને મારવાના ઈરાદાથી UBGL તરફથી ૧૫-૨૦ રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું.પોલીસે કહ્યું, 'જવાબમાં સુરક્ષા દળોએ પણ સ્વબચાવમાં ગોળીબાર કર્યો.

### પાંચેય આરોપી બાગબાહરાના રહેવાસી

## છત્તીસગઢના મહાસમુન્દમાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો

### વંદેભારત ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો જેમાં ટ્રેનના ત્રણ કોચ C2-10, C4-1, C9-78ના કાચ તૂટ્યા હતા

। (એજન્સી) રાયપુર, તા.૧૪ ।

છત્તીસગઢના મહાસમુન્દમાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો થયો હોવાની ઘટના સામે આવી છે. જ્યાં બાગબાહરા રેલવે સ્ટેશન પર વંદેભારત ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો જેમાં ટ્રેનના ત્રણ કોચ **C2-10, C4-1, C9-78**ના કાચ તોડી નાખવામાં આવ્યા. માહિતી મળ્યા બાદ રેલવે પોલીસે ૫ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પાંચેય આરોપી બાગબાહરાના રહેવાસી છે. આરપીએફ પોલીસ રેલવે એક્ટ ૧૯૮૯ હેઠળ કેસ નોંધીને આરોપીઓને આજે જ રેલવે કોર્ટમાં રજૂ કરશે. આરપીએફના અધિકારી પરવીન સિંહે જણાવ્યું કે, 'કાલે વંદે ભારત ટ્રેન જે ૧૬ તારીખે



દોડવાની છે, તેની ટ્રાયલ રન હતી. તે મહાસમુન્દથી સવારે ૦૭:૧૦ વાગે નીકળી. ૯ વાગ્યાની આસપાસ બાગબાહરાની નજીક અમુક અસામાજિક તત્વોએ ચાલુ ટ્રેન પર પથ્થરમારો કરી દીધો. ટ્રેનમાં અમારી સપોર્ટિંગ ટીમ હથિયારની સાથે હતી. તેમણે માહિતી આપી.

માહિતી મળ્યા બાદ તાત્કાલિક એક ટીમ ગઈ અને તેણે તપાસ કર્યા બાદ પાંચ આરોપી પકડાઈ ગયા. પાંચ આરોપીઓના નામ શિવ કુમાર બઘેલ, દેવેન્દ્ર કુમાર, જીતુ પાંડે, સોનવાની અને અર્જુન યાદવ છે. આ પાંચેય બાગબાહરાના છે અને આ લોકો અસામાજિક તત્વો છે.' RPF અધિકારીએ જણાવ્યુ, 'પૂછપરછમાં જાણવા મળ્યું છે કે શિવકુમાર બઘેલ નામનો જે આરોપી છે તેનો ભાઈ કાઉન્સિલર છે. રેલવે એક્ટની કલમ ૧૫૩ હેઠળ તેમાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. પથ્થરમારામાં ત્રણેય કોચના કાચના તૂટી ગયા છે.'

### વડાપ્રધાન મોદીએ કર્યા લાડ

## પીએમ મોદીના નિવાસસ્થાને આવ્યું અતિ વિશિષ્ટ મહેમાન

। નવી દિલ્હી, તા.૧૪ ।

પીએમ મોદી સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. તે જે પણ કરે છે, તે તેના અનુયાયીઓ સાથે આખા દેશમાં ઝડપથી ફેલાઈ જાય છે. તેમણે તેના સોશિયલ મીડિયા હેન્ડલ X પર પોસ્ટ કરીને માહિતી આપી છે કે તેના ઘરે એક નાનો મહેમાન આવ્યો છે અને આ મહેમાનનું નામ પણ છે. પીએમ મોદીએ કહ્યું, 'આપણા શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે – ગાવઃ સર્વસુખ પ્રદા. લોક કલ્યાણ માર્ગ પરના વડાપ્રધાન ગૃહ પરિવારમાં નવા સભ્યનું શુભ આગમન થયું છે.

વડાપ્રધાન આવાસમાં પ્રિય માતા ગાયે નવા વાછરડાને જન્મ આપ્યો છે, જેના કપાળ પર પ્રકાશનું નિશાન છે. તેથી, મેં તેનું નામ 'દીપજ્યોતિ' રાખ્યું છે. પીએમ મોદીએ તેનો વીડિયો પણ પોસ્ટ કર્યો છે. જેને જોઈને લોકો કોમેન્ટ કરી રહ્યા છે. પીએમ મોદીએ પોતાની સાથે દીપજ્યોતિની તસવીરો પણ પોસ્ટ કરી છે, જેમાં પીએમ મોદી તેને પ્રેમ કરતા જોવા મળે છે.



# ભાદરવી પૂનમના મેળા માટે પોલીસ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી





અંબાજી મંદિર અને અંબાજીના બજારોમાં CCTV કેમેરા ઉપરાંત પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે.

### ભદરવી પૂનમના મહામેળા દરમિયાન ૨૪/૭ ઉપલબ્ધ રહેશે

## ભાદરવી પૂનમના ભક્તો માટે ICU ઓન વીલ્સ એમ્બ્યુલન્સનું ઉદઘાટન

### આ સેવાનું ઉદઘાટન બાનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલ અને શ્રી શક્તિ સેવા કેન્દ્રના સ્થાપક સભ્ય ઉષા અગ્રવાલ દ્વારા કરવામાં આવ્યો હતો

। (એજન્સી) અંબાજી, તા.૧૪ ।

શ્રી શક્તિ સેવા કેન્દ્ર દ્વારા ભદરવી પૂનમના પાવન પ્રસંગે અંબાજી દર્શને આવતા હજારો ભકતો માટે વિશિષ્ટ ICU ઓન વહીલ્સ એમ્બ્યુલન્સ સેવાની શરૂઆત કરી રહી છે. આ સેવાનું ઉદઘાટન બાનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલ અને શ્રી શક્તિ સેવા કેન્દ્રના સ્થાપક સભ્ય ઉષા અગ્રવાલ દ્વારા કરવામાં આવ્યો હતો. આ અદ્યતન મોઈબલ ICU તાત્કાલિક તબીબી પરિસ્થિતિઓને સંભાળવા માટે તૈયાર છે, જેમાં ડૉ. હેડગાવર સેવા સમિતિના ડોક્ટર્સ અને નર્સોનો સમાવેશ છે. આ સેવા ભદરવી પૂનમના મહામેળા દરમિયાન ૨૪/૭ ઉપલબ્ધ રહેશે. જેથી તમામ યાત્રિકોને તેમની આધ્યાત્મિક યાત્રા દરમિયાન તરત અને વ્યાવસાયિક તબીબી સહાય મળી શકે. શ્રી શક્તિ સેવા કેન્દ્ર સમુદાયની સેવા અને જરૂરિયાતમંદોને જરૂરી સેવાઓ પૂરી પાડવામાં પ્રતિબદ્ધ છે. આ પહેલ મા અંબાના આશીર્વાદ મેળવવા માટે આવતા ભકતોના આરોગ્ય અને સુખ-શાંતિ માટે અમારી પ્રતિબદ્ધતા સાબિત કરે છે.અને વધુ માહિતી માટે સંપર્ક કરવા ૯૧૮૯૮૦૮૦૪૦૨૪ નંબર અપાયો છે

### સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યા

## આંગણવાડી અને સ્કૂલ બોર્ડના ૮૮ હજાર બાળકોને રોજ ૨૦૦ એમએલ દૂધ મળશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

શહેરની આંગણવાડીઓના ૬૨,૦૦૦ બાળકો અને સ્કૂલ બોર્ડના ૮૮,૦૦૦ બાળકોને દરરોજ 200ml દૂધ આપવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ની ગુરુવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત વસ્ત્રાપુર લેક એમ્ફી થિયેટર ખાતે ફૂડ કોર્ટ બનાવવાની દરખાસ્ત મ્યુનિસિપલ કમિશનરને પરત મોકલવામાં આવી હતી. સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, “AMC ૨,૧૩૫ આંગણવાડી કેન્દ્રો ચલાવે છે.ત્રણથી છ વર્ષની વયના ૬૨,૨૬૩ બાળકોને દરરોજ 200ml દૂધ આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. જો કે, અમે બોર્ડની શાળાઓમાં ધોરણ ૧ થી ૫ સુધીના બાળકોને અઠવાડિયામાં ત્રણ દિવસ ૨૦૦દ્બઙ્મ દૂધ આપવા માટે પણ તેમાં સુધારો કર્યો છે. રાજ્ય સરકારની યોજના મુજબ, શાળાઓ અને આંગણવાડીઓમાં દૂધ આપવામાં આવશે.”

## ઉધના ખાતે ૪.૭૨ કરોડના ખર્ચે નવનિર્મિત એસ.ટી.ડેપો -વર્કશોપનું લોકાર્પણ કરતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી

। ગાંધીનગર, તા.૧૪ ।

ઉધના ખાતે રૂ.૪.૭૨ કરોડના ખર્ચે સુરત એસ. ટી. વિભાગ દ્વારા નવનિર્મિત આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરવાળા સુવિધાયુક્ત ડેપો વર્કશોપનું વાહન વ્યવહાર, ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે વાહન વ્યવહાર રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં હજારોની સંખ્યામાં નવી બસો જાહેર પરિવહન સેવા માટે શરૂ કરવામાં આવી છે. ગુજરાત એસ.ટી.ના ઈતિહાસમાં પ્રથમ વાર પ્રતિદિન ૨૫ લાખ મુસાફરો આવાગમનની સેવા આપવામાં સફળતા મળી છે, ત્યારે આગામી સમયમાં ૩૦ લાખ મુસાફરો પ્રતિદિન મુસાફરી કરતા થશે એવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. સુરતમાં નવા ડેપો-વર્કશોપ સ્થાનિક બસો માટે ખૂબ ફાયદાકારક નીવડશે એમ જણાવી વધુમાં તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ બે દિવસ અગાઉ નવી ૨૦ હાઈટેક વોલ્વો



બસોની શરૂઆત કરવામાં આવી છે, જેમાં સુરતને ૮, રાજકોટને ૮ અને વડોદરાને ૪ બસો ફાળવવામાં આવી છે. આગામી સમયમાં કુલ ૮૦ જેટલી નવી હાઈટેક વોલ્વો બસો શરૂ કરવામાં આવશે. આ બસ સેવાનો લાભ નવરાત્રી, દિવાળી જેવા તહેવારોમાં મેળવી શકાશે. મુસાફરોની સુરક્ષા માટે સબમરીનમાં જે ટેકનોલોજીનો ઉપયોગ થાય છે, તેનો આ હાઈટેક વોલ્વો બસમાં ઉપયોગ કરાયો છે, જેથી મુસાફરી આનંદદાયક અને અત્યંત સુરક્ષિત બની રહેશે. સુવિધાયુક્ત નવિન વર્કશોપ માં ટાયર રૂમ, મિકેનિકલ રેસ્ટ રૂમ, ઓઈલ રૂમ, સ્ટોર રૂમ, વોટર રૂમ, ઈલેક્ટ્રિક રૂમ, રેકર્ડ રૂમ, ડેપો મેનેજર કેબિન, એડમિન ઓફિસ, ક્લાસ ૧/૨ રેસ્ટ રૂમ, ડોરમેટરી અને શૌચાલય- હેન્ડીકેપ શૌચાલય જેવી સુવિધાઓ ઉભી કરાઈ છે. આ પ્રસંગે સાંસદ મુકેશ દલાલ, ધારાસભ્ય સર્વશ્રી મનુભાઈ પટેલ, અરવિંદ રાણા, પ્રવિણ ઘોઘારી, કલેક્ટર ડૉ.સૌરભ પારધી, એસ.ટી નિગમના સચિવ રવિ નિર્મલ, જનરલ મેનેજર એ.બી. જોશી, એસટીના વિભાગીય નિયામક પી.વી.ગુર્જર, ડે.મેયર ડૉ.નરેન્દ્ર પાટીલ, વિભાગીય પરિવહન અધિક્ષકશ્રી એમ.વી.વાઢેર તથા સુરત ગ્રામ્ય ડેપો મેનેજરશ્રી એમ.વી.ચૌધરી શહેર પક્ષ પ્રમુખ નિરંજન ઝાંઝમેરા, અગ્રણી કાળુભાઈ ભીમનાથ, સોમનાથ મરાઠે સહિત એસ.ટી. અધિકારી-કર્મચારીઓ, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સુરતમાંથી ૬૭હજાર ઘરોમાંથી મળ્યા મચ્છરના બ્રિડીંગ

## સુરતમાં મચ્છરજન્ય રોગચાળો વકર્યો, ડેન્ગ્યુથી ૧ મહિલા તબીબનું મોત થયું

### સુરતના મનપાના ૧૫૦૦ જેટલા કર્મચારીઓ કામગીરીમાં જોડાયા છે જે પૈકી ૯૦૦ ફિલ્ડમાં અને ૬૮૬ સર્વેલન્સ સ્ટાફમાં જોડાયા છે

। (એજન્સી) સુરત, તા.૧૪ ।

સુરત શહેરમાં ડેન્ગ્યુના કારણે એક મહિલા તબીબનું મોત થયુ હોવાનું સામે આવ્યુ છે. સ્મીમેરની રેસિડન્ટ તબીબની ફરજ પર દરિયાના તબિયત લથડી હતી. તબિયત લથડતા મહિલા તબીબ ૪ દિવસથી સારવાર હેઠળ હતો. અમદાવાદની ૨૪ વર્ષીય ધારા ચાવડાનું ડેન્ગ્યુ થતા સારવાર દરમિયાન મોત થયુ હતુ. રાજ્યમાં બેવડી ઋતુના પગલે અનેક વિસ્તારોમાં રોગચાળો વકર્યો છે. સુરત શહેરમાં ડેન્ગ્યુના કારણે એક મહિલા તબીબનું મોત થયુ હોવાનું સામે આવ્યુ છે. સ્મીમેરની રેસિડન્ટ તબીબની ફરજ પર દરિયાના તબિયત લથડી હતી. તબિયત લથડતા મહિલા તબીબ ૪ દિવસથી સારવાર હેઠળ હતો.અમદાવાદની ૨૪ વર્ષીય ધારા ચાવડાનું



ડેન્ગ્યુ થતા સારવાર દરમિયાન મોત થયુ હતુ. જે હોસ્પિટલમાં મહિલા તબીબ ફરજ બજાવતી હતી ત્યાં જ મચ્છરોનો ઉપદ્રવ વધારો હોવાના કારણે આ ઘટના બની હોવાનું સામે આવ્યુ છે. હોસ્પિટલ પરિસરમાં ગંદકીની ભરમાર અને ઉભરાતી ગટર જોવા મળી હતી. બીજી તરફ ડેન્ગ્યુ અંગે આરોગ્ય વિભાગના અધિકારી જયસુખ વાઘડિયાનું નિવેદન આપ્યુ છે. રાજ્ય સરકારને તબીબ મોતનો રિપોર્ટ મોકલવામાં આવ્યો છે. સુરતમાં સપ્ટેમ્બરમાં ડેન્ગ્યુના ૩૯ અને મેલેરિયાના ૫૫ કેસ નોંધાયા છે. સતત ૩ મહિનાથી વરસાદ વરસી રહ્યો છે. સ્થિતિનું ૩ લેયરમાં મોનિટરીગ કરવામાં આવી રહ્યું છે. રોજના સવા લાખ ઘરોનો સર્વે કરાઈ રહ્યો છે. સુરતના મનપાના ૧૫૦૦ જેટલા કર્મચારીઓ કામગીરીમાં જોડાયા છે. જે પૈકી ૯૦૦ ફિલ્ડમાં અને ૬૮૬ સર્વેલન્સ સ્ટાફમાં જોડાયા છે. અત્યાર સુધી ૨૬ લાખ ઘરોનો સર્વે થયો છે. તેમજ ૬૭હજાર ઘરોમાં બ્રિડીંગ મળ્યા છે.

## લખપતમાં ભેદી રોગચાળાના પગલે પ્રભારી સચિવે કચ્છની મુલાકાત લીધી

। અમદાવાદ, તા.૧૪ ।

કચ્છના લખપતના અબડાસામાં ભેદી બિમારી વકરતા તંત્ર એકશનમાં આવ્યુ છે. રોગચાળાની સમીક્ષા માટે પ્રભારી સચિવ કચ્છની મુલાકાત લીધી છે. આરોગ્ય કમિશ્નર હર્ષદ પટેલે આરોગ્ય વિભાગ સાથે બેઠક યોજી હતી. કલેકટર અને આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી છે. આરોગ્ય વિભાગે શંકાસ્પદ તાવના કેસની કામગીરી અંગે વિગતો આપી છે. જિલ્લાના તમામ ડોકટરો અને હોસ્પિટલોને ટ્રીટમેન્ટ પ્રોટોકલ આપવામાં આવશે. બીજી તરફ આ અગાઉ આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે પ્રર્વતમાન સ્થિતિઅંગે માહિતી આપી હતી. તાવના ૪૮ કેસ સામે આવ્યા હતા. તેમજ ૧૦ દિવસમાં ૧૬ લોકોના શંકાસ્પદ બીમારીથી મોત થયા હોવાનું આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યુ હતુ. ભુજની અદાણી હોસ્પિટલમાં વધારાના ૧૦૦ બેડની સગવડ કરાઇ છે. ૭ ગામો અસરગ્રસ્ત છે ત્યાં સર્વેલન્સમાં ટીમો રહેશે. ૧૦૮ની ટીમ પણ તૈનાત રાખવામાં આવશે. તમામ સારવાર નિઃશુલ્ક અપાવામાં આવશે. અન્ય જિલ્લામાંથી ૫૦ તબીબોની ટીમ તૈનાત કરાઇ છે.

**વિશેષ** ગુજરાતના પશુપાલન અને ડેરી ક્ષેત્રનાં વિકાસને વધુ વેગ આપવા ગુજરાત સરકારની અપેક્ષાઓ અને હકારાત્મક સૂચનો કેન્દ્ર સરકાર સમક્ષ મુકાયા

# ભુવનેશ્વર ખાતે આયોજિત પશુપાલન અને ડેરી ક્ષેત્રની મોનસુન મીટમાં ગુજરાતના પશુપાલન મંત્રી રાઘવજી પટેલની વિશેષ ઉપસ્થિતિ

। (માહિતી) ગાંધીનગર ।

કેન્દ્રના પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા ઓડિસ્સાના ભુવનેશ્વર ખાતે કેન્દ્રીય પશુપાલન અને ડેરી મંત્રીશ્રી રાજીવ રંજન સિંઘની અધ્યક્ષતામાં યોજાયેલી પશુપાલન અને ડેરી ક્ષેત્રની મોનસુન મીટમાં ગુજરાતના પશુપાલન મંત્રીશ્રી રાઘવજી પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મંત્રી શ્રી રાઘવજીભાઈએ “અમૂલ પેટર્ન” પરનાં સહકારી ડેરી માળખાની વિકાસની સિદ્ધિઓ તેમજ બ્રાન્ડ ફાઈનાન્સ ફૂડ એન્ડ ડ્રીંક, ૨૦૨૪ ના રિપોર્ટ અનુસાર અમૂલને વિશ્વ સ્તર પર સૌથી મજબુત ખાદ્ય અને ડેરી બ્રાન્ડના રૂપમાં મળેલી માન્યતાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીઘર્દ્રષ્ટિથી કેન્દ્ર સરકારમાં સ્થાપિત કરાયેલા સહકાર મંત્રાલયનું નેતૃત્વ કરી રહેલા કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહનાં નેતૃત્વમાં દેશ સહકારી ડેરી ક્ષેત્રે નવા આયામો સિદ્ધ કરશે તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કૃષિ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવવા માટે વડાપ્રધાનશ્રીએ “કમ લાગત પ્રાકૃતિક કૃષિ” ને જન આંદોલન બનાવવાનું આહ્વાન કર્યુ છે, આ કૃષિ પદ્ધતિમાં એક દેશી ગાયથી ૩૦ એકર ભૂમિ પર ખેતી



કરવાની ક્ષમતાને જોતાં ગુજરાતમાં ખેડૂતને દેશી ગાય આધારિત “કમ લાગત પ્રાકૃતિક કૃષિ” અપનાવવા માટે આપવામાં આવતી પ્રતિ માસ રૂ. ૯૦૦/-ની સહાય વિશે જાણકારી અપાઈ હતી.

ભારત સરકારની સહાયથી નેશનલ એનીમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ હેઠળ ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૪૭૬ લાખ પશુઓમાં થયેલ ખરવા-મોવાસા રસીકરણ અને ૨૦ લાખ બ્રુસેલ્લોસીસ રસીકરણ, રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ સ્થપાયેલ લેબોરેટરીમાં ઉત્પન્ન કરાયેલ સીમેન ડોઝના ઉપયોગથી ૯૦% થી વધુ વાછરડી/પાડીનો જન્મ થઈ રહ્યો હોવાનો પણ મંત્રીશ્રીએ આ બેઠકમાં ઉલ્લેખ કર્યો હતો. રાજ્યમાં સરકારી સંસ્થાઓ પર માત્ર રૂ. ૫૦/-ના મામુલી દરે પશુઓમાં સેક્સડ સિમેનથી કૃત્રિમ ગર્ભાધાનની સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારે કરેલ નિર્ણયની જાણકારી આપી હતી. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં લાગૂ પાડવામાં આવેલ ઝડપી પશુ ઓલાદ સુધારણા માટેની આઈ.વી.એફ. ટેકનોલોજી પશુપાલકો દ્વારા જલ્દીથી અપનાવવામાં આવે તે હેતુથી પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત લાભાન્વિત થઈ રહેલ પશુપાલકોને પાંચ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાનું ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવ્યું છે તે બાબતની પણ આ જાણકારી આપવામાં આવી હતી. રાજ્યમાં ૨૧ જિલ્લાઓમાં અમલ કરાયેલ રાષ્ટ્રવ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ હેઠળ થયેલ કામગીરી, ૧ લાખ ૭૫ હજાર પશુપાલકોને કિસાન ક્રેડીટ કાર્ડ ઉપલબ્ધ કરાવવાની અને પશુપાલન-KCC માટે ભારત સરકાર દ્વારા આપવામાં આવતી ત્રણ ટકા વ્યાજ સહાય ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના પશુપાલકોને વધુ ચાર ટકા વ્યાજ સહાય આપવાની યોજનાની વિગતો પણ રજૂ કરવામાં આવી હતી. કોવિડ કાળ દરમિયાન શરુ કરવામાં આવેલ એનીમલ હસબન્ડરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ ફંડને નવીન સ્વરૂપ આપી તેમાં ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપ મેન્ટ ફંડને પણ સામેલ કરવા માટે કેન્દ્ર સરકારનો ખાસ આભાર વ્યકત કરવામાં આવેલ, આ સુધારાને કારણે જીલ્લા સહકારી ડેરી સંઘોને અઢી ટકાના બદલે ત્રણ ટકા વ્યાજ સહાયનો લાભ અને ક્રેડીટ ગેરંટી ફંડ અંતર્ગત ક્રેડી ગેરંટી સહાય પણ ઉપલબ્ધ થશે.

ગીર ગાયના મુળ વતન એવા સૌરાષ્ટ્ર વિસ્તારના પોરબંદર જિલ્લામાં ગીર ઓલાદની ગાયોના વૈજ્ઞાનિક ઢબે ઉછેર અને જતન માટે પોરબંદર જીલ્લાના ધરમપુર, ખાતે ગીર કાઉ સેન્ચ્યુરી તેમજ અમરેલી જિલ્લામાં સેન્ટર ઓફ એકસેલન્સની સ્થાપના માટે ભારત સરકાર તફથી મળેલ સહયોગ બદલ ભારત સરકારનો આ તબક્કે ખાસ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

રાજ્યના મોબાઈલ વેટરીનરી યુનિટના સંચાલન માટે મંજૂર કરાયેલ પ્રોજેક્ટ સર્વિસ ચાર્જમાં વધારો કરવા, ગુજરાતના દૂધ ઉત્પાદન અને પ્રોસેસિંગની વધુ સંભાવનાને ધ્યાનમાં રાખીને રાજ્યમાં રાષ્ટ્રીય કે પ્રાદેશિક ડેરી સંશોધન સંસ્થા શરૂ કરવા, નેશનલ લાઈવસ્ટોક મિશનનાં એન્ટરપ્રેન્યોરશીપ ડેવેલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગતનાં મરઘાં ફાર્મની સ્થાપનાની યોજના માટે મરઘાંની લાયક જાતોની યાદીમાં વ્યવસાયિક પ્રચલિત જાતોનો પણ સમાવેશ કરવા સહિતની બાબતો માટે આ તબક્કે રજૂઆત પણ કરવામાં આવી હતી.

આ મોનસુન મીટમાં દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પશુપાલન અને ડેરી વિભાગના મંત્રીશ્રીઓ તેમજ સંબંધિત રાજ્યોના સચિવ અને નિયામક કક્ષાના અધિકારીઓને આમંત્રિત કરાયા હતા. આ પ્રસંગે ગુજરાત પશુપાલન વિભાગના સચિવ શ્રી સંદીપ કુમાર, પશુપાલન નિયામક ડૉ. ફાલ્ગુની. એસ. ઠાકર પણ ઉપસ્થિત રહ્યા હતા.





કુરુક્ષેત્રમાં હરિયાણા વિધાનસભાની ચૂંટણી પહેલા એક જાહેર સભા દરમિયાન બીજેપી હરિયાણાના પ્રદેશ પ્રમુખ મોહન લાલ બડોલીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું.

### ન્યૂઝ બ્રિફ

## ‘જીવન અઘરું નથી, અહીં સખત મહેનતની જરૂર છે...’

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

વિદેશ મંત્રી એસ. જયશંકરે શુક્રવારે વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર કટાક્ષ કર્યો અને કહ્યું કે વ્યક્તિએ સખત મહેનત કરવાની જરૂર છે અને જીવન ‘ગડબડ’ નથી. વિદેશ મંત્રી જીનીવામાં ભારતીય સમુદાયને સંબોધિત કરી રહ્યા હતા. વિદેશ મંત્રીએ બદલાતા ભારત અને છેલ્લા ૧૦ વર્ષમાં નરેન્દ્ર મોદી સરકાર દ્વારા કરવામાં આવેલા માળખાકીય વિકાસ વિશે વિગતવાર માહિતી આપી હતી. આ દરમિયાન તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ટિપ્પણીનો આડકતરો ઉલ્લેખ કર્યો હતો.ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે જરૂરી વિશાળ માનવ સંસાધન વિશે વાત કરતાં જયશંકરે કહ્યું, ‘જ્યાં સુધી આપણે માનવ સંસાધનોનો વિકાસ નહીં કરીએ ત્યાં સુધી સખત મહેનત કરવી પડશે. જ્યાં સુધી તમે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ન બનાવો, જ્યાં સુધી તમારી પાસે નીતિઓ ન હોય. તેથી જીવન ‘નોકડાઉન’ નથી. જીવનમાં સખત મહેનત જરૂરી છે.વિદેશ મંત્રીએ કહ્યું, ‘કેટલાક લોકો ચીનથી અમારી આયાત પર સવાલ ઉઠાવે છે અને પૂછે છે કે અમે ચીનથી આટલી આયાત કેમ કરીએ છીએ. ૧૯૬૦, ૭૦, ૮૦ અને ૯૦ના દાયકામાં સરકારોએ ઉત્પાદન પર કોઈ ધ્યાન આપ્યું ન હતું. જ્યારે અમે ઉકેલ શોધવાનો પ્રયાસ કર્યો ત્યારે લોકોએ કહ્યું કે અમારી પાસે સંસાધનો નથી અને અમારે પ્રયાસ ન કરવો જોઈએ. મજબૂત ઉત્પાદન વિના તમે કેવી રીતે મોટી વૈશ્વિક શક્તિ બની શકો? આ માટે સખત મહેનત અને સારી નીતિઓની જરૂર છે.

## બાંગ્લાદેશના ઈતિહાસમાં પહેલીવાર અલી ઝીણાની પુણ્યતિથિ ઉજવાઈ

। (એજન્સી) ઢાકા, તા.૧૪ ।

બાંગ્લાદેશના ઈતિહાસમાં પ્રથમ વખત ઢાકામાં પાકિસ્તાનના પિતા મોહમ્મદ અલી ઝીણાની પુણ્યતિથિની ઉજવણી કરવામાં આવી હતી. એટલું જ નહીં, આ કાર્યક્રમ દરમિયાન જિન્નાહની કવિતાઓ ઉર્દૂમાં પણ વાંચવામાં આવી હતી અને લોકગીતોની રચના કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન નવાબ સલીમુલ્લા એકેડમી દ્વારા કરવામાં આવ્યું હતું. બાંગ્લાદેશનો જન્મ બંગાળી ભાષા પર ઉર્દૂ લાદવાની સામે થયો હતો, પરંતુ આજે એ જ બાંગ્લાદેશમાં ઝીણાના લોકગીતો ઉર્દૂ ભાષામાં વાંચવામાં આવે છે. ઢાકામાં પાકિસ્તાનના પિતા મોહમ્મદ અલી ઝીણાની ૭૬મી પુણ્યતિથિની ઉજવણી કરવામાં આવી હતી. ૧૧ સપ્ટેમ્બર બપોરે ઢાકા નેશનલ પ્રેસ ક્લબના તોફાજઝલ હુસૈન માણિક મિયા હોલમાં મુહમ્મદ અલી ઝીણાની ૭૬મી પુણ્યતિથિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ચર્ચા સત્રની સાથે ઉર્દૂ ગીતો અને કવિતાઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોહમ્મદ અલી ઝીણાના જીવનથી લઈને તેમના મૃત્યુ સુધીના વિવિધ પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઢાકામાં તૈનાત પાકિસ્તાનના ડેપ્યુટી હાઈ કમિશનર કામરાન ધંગલ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.


### બેંક મેનેજર અને કેશિયરના મૃત્યુ નિપજ્યા

# ફરીદાબાદમાં રેલવે અંડરબ્રિજમાં ભરાયેલા પાણીમાં કાર ગરકાવ થઈ

### કાર પાણીમાં ફસાઈ, પાણી ભરાઈ જવાથી બંનેના મોત

। (એજન્સી) ફરીદાબાદ,તા.૧૪ ।

ફરીદાબાદમાં જૂના ફરીદાબાદ રેલ્વે અંડર બ્રિજ નીચે વરસાદના પાણીમાં XUV700 માં બેઠેલા HDFC બેંક મેનેજર અને કેશિયર ડૂબી ગયા હતા. ગઈકાલે રાત્રે તેમના કરૂણ મોત નીપજ્યા હતા. મૃતક સાથે કામ કરતા બેંક કર્મચારી આદિત્યએ જણાવ્યું કે વિરાજ દ્વિવેદી સેક્ટર-૩૧, ગુરુગ્રામમાં HDFC શાખામાં કેશિયર તરીકે કામ કરતા હતા અને પુણ્યશ્રી શર્મા બેંકનો મેનેજર હતા. તેઓ બેંક યુનિયનના પ્રમુખ પણ હતા. વધુમાં આદિત્યએ જણાવ્યું કે ઘણા દિવસોથી વરસાદ પડી રહ્યો છે. જેના કારણે વિરાજ દ્વિવેદી તેમને બેંક મેનેજરની ઠેંફ૭૦૦ કારમાં મૂકવા આવતા હતા. બેંક મેનેજર શર્મા ઓમેક્સ સિટી, ગ્રેટર ફરીદાબાદમાં રહેતા હતા, જ્યાં વિરાજ દ્વિવેદીને રાત્રે રોકાવાનું હતું અને સવારે તેમને કોઈ કામ માટે દિલ્હી જવા નીકળવાનું હતું, પરંતુ તેઓ જૂના ફરીદાબાદ રેલ્વે અંડર બ્રિજ પાસે આવતાંની સાથે જ ત્યાંથી એક પલટી મારી ગઈ હતી. તેની નીચે ઘણું પાણી છે જ્યાં કોઈ બેરિકેડિંગ નહોતું. વિરાજ ગુરુગ્રામમાં રહેતો હતો, જેના કારણે તેને ખ્યાલ નહોતો કે જૂના ફરીદાબાદ રેલવે અન્ડર બ્રિજની નીચે એટલું પાણી છે કે તેની કાર પાણીમાં ડૂબી જશે. વિરાજે આ પાણીમાંથી કારને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો પરંતુ વધુ પાણી હોવાથી કાર બંધ થઈ ગઈ અને લોક થઈ ગઈ હતી. કારમાં



પાણી ભરાઈ જતાં તેનું કરૂણ મોત નીપજ્યું હતું. આદિત્યએ જણાવ્યું કે લગભગ ૧૧:૩૦ની આસપાસ તેને બેંક મેનેજરની પત્નીનો ફોન આવ્યો હતો. મેનેજરની પત્નીએ તેમને જાણ કરી હતી કે તેમનો ફોન સ્વીચ ઓફ છે, ત્યારબાદ તેણે બેંક મેનેજર અને વિરાજ દ્વિવેદીને ફોન કર્યો, પરંતુ બંનેના ફોન સ્વીચ ઓફ હતા. આ કારણે ફરીદાબાદથી તેની પત્ની અને તે ગુડગાંવથી તેને શોધવા નીકળ્યા હતા અને ફરીદાબાદ પહોંચ્યા બાદ તેણે પોલીસને જોઈ હતી, ત્યારબાદ તેણે પોલીસને પૂછ્યું હતું અને તેણે જણાવ્યું હતું કે પાણી ભરેલા અંડરપાસમાં એક વાહન ફસાઈ ગયું છે. જેમાં બે લોકોના મોત થયા છે. આદિત્યએ કહ્યું કે જો પોલીસ બેરિકેડિંગ હોત તો કદાચ તેઓએ રેલ્વે અંડર બ્રિજની નીચેથી વાહનને લઈ જવાનો પ્રયાસ ન કર્યો હોત અને તેમની સાથે આ મોટો અકસ્માત ન થયો હોત. આ મામલામાં સબ ઈન્સ્પેક્ટર રાજેશે જણાવ્યું કે આ ઘટના ગઈકાલે રાત્રે સાડા અગિયાર વાગ્યાની આસપાસ બની હતી. પોલીસે તેમને આ માર્ગેથી પાછા જવાની મનાઈ ફરમાવી હતી, પરંતુ તેઓ બળજબરીપૂર્વક તે જ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા, જેના કારણે તેમની કાર પાણીમાં ફસાઈ ગઈ હતી અને કાર પાણીમાં ડૂબી જવાને કારણે બંને કારની અંદર ફસાઈ ગયા હતા અને મૃત્યુ થયું હતું. હાલ બંને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે બાદશાહ ખાન સિવિલ હોસ્પિટલના શબઘરમાં રાખવામાં આવ્યા છે અને પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ધરતીથી ૪૦૦ KM દૂર અંતરિક્ષમાં સુનીતા વિલિયમ્સ

# સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરે સ્પેસ સેન્ટરમાંથી પત્રકાર પરિષદ યોજી

### મને સ્પેસમાં રહેવું ખૂબ ગમે છે, આ મારી મનપસંદ જગ્યાઓમાંથી એક : સુનિતા વિલિયમ્સની પ્રતિક્રિયા

। (એજન્સી) બેંગલોર, તા.૧૪ ।

અંતરિક્ષમાં ફસાયેલી સુનીલા વિલિયમ્સ અને બુચ વિલ્મોરે ધરથી ૪૨૦ કિલોમીટર દૂર સ્પેસ સેન્ટરમાં પ્ત્રકાર પરિષદ યોજી મીડિયા સાથે વાતચીત કરી અને અનેક પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. તેમણે કહ્યું કે બોઈંગ વિમાનનું તેમના વિના રવાના થવું તથા મહિનાઓ સુધી ઓર્બિટમાં રહેવું તેમના માટે મુશ્કેલ રહ્યું છે. સાથે જ તેમણે કહ્યું કે મને સ્પેસમાં રહેવું ખૂબ ગમે છે. આ મારી મનપસંદ જગ્યાઓમાંથી એક છે. ગત અઠવાડિયે બોઈંગ સ્ટારલાઈનર કેપ્સૂલની વાપસી બાદ તેમની પ્રથમ સાર્વજનિક ટિપ્પણી છે જે તેમને જૂનમાં આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન સુધી લઈ ગયું હતું. નાસા દ્વારા નક્કી કરવામાં આવ્યા બાદ તે અંતરિક્ષમાં રહી ગઈ, કારણ કે ખરાબ કેપ્સૂલમાં તેને પાછી લાવવી જોખમી હતું. સુનીતા વિલિયમ્સનું આઠ દિવસનું મિશન હતું, પરંતુ હવે આઠ મહિનાથી વધુ સમય ચાલવાની આશા છે. સુનીતા વિલિયમ્સે કહ્યું કે ‘આ મારી ખુશીની જગ્યા છે. મને અહીં અંતરિક્ષમાં રહેવું ખૂબ ગમે છે. સુનીતા વિલિયમ્સ પોતાની માતા સાથે કિંમતી સમય વિતાવવાના અવસરને ગુમાવવાના કારણે થોડા સમય માટે પરેશાન થઈ ગઈ હતી. તેમણે કહ્યું કે તે એક જ મિશન પર બે અલગ-અલગ અંતરિક્ષ યાન ઉડાડવા માટે ઉત્સાહિત છે. અમે ટેસ્ટર છીએ, આ જ અમારું કામ છે. અમે સ્ટારલાઈનરને



પુરું કરવા માંગતા હતા અને તેને આપણા દેશમાં ઉતારવા માંગતા હતા, પરંતુ તમારે પેજ બદલવું પડશે અને આગામી અવસરને શોધવો પડશે. સુનીતા વિલિયમ્સે કહ્યું કે સ્ટેશન જીવનમાં પરિવર્તન ‘આટલું કઠિન ન હતું, કારણ કે બંને પહેલાં ત્યાં રોકાઈ ચૂક્યા હતા. તેમણે ઘણા વર્ષો પહેલાં લાંબા સમય સુધી અંતરિક્ષ સ્ટેશનમાં પ્રવાસ કર્યો હતો. અંતરિક્ષ યાનના પાયલૉટના રૂપ માં આ માર્ગમાં થોડો સમય મુશ્કેલ હતો. સ્ટારલાઈનરના પ્રથમ ટેસ્ટ પાયલૉટ તરીકે તેમને આશા ન હતી કે તે ત્યાં લગભગ એક વર્શ રહેશે, પરંતુ તેમને ખબર હતી કે આવી સમસ્યાઓ સર્જાઇ શકે છે, જેના લીધે તેમની વાપસીમાં મોડું થઈ શકે છે. આ ફીલ્ડમાં આવું થયા કરે. વિલ્મોર નિરાશા વ્યક્ત કરતાં કહ્યું કે તે પોતાની સૌથી નાની બહેનના હાઈ સ્કૂલના અંતિમ વર્ષ માટે હાજર રહેશે નહી. વિલમોર અને સુનિતા વિલિયમ્સ સ્ટેશન ચાલક ટુકડીના સભ્ય છે, જે નિયમિત દેખભાળ અને પ્રયોગોમાં વ્યસ્ત રહે છે. વિલ્મોરે એક પત્રકાર પરિષદ દરમિયાન સંવાદદાતાઓને જણાવ્યું હતું કે વિલિયમ્સ થોડા અઠવાડિયામાં સ્પેસ સ્ટેશનની કમાન સંભાળશે. ૫ જૂને ફ્લોરિડાથી ઉડાન ભર્યા બાદ આ આ તેમનો બીજો સ્પેસ પ્રવાસ છે. બંને અંતરિક્ષ યાત્રીઓએ પણ કહ્યું કે તે પોતાના દેશમાં અજાણ્યા વ્યક્તિઓની પ્રાર્થનાઓ અને શુભેચ્છાઓની પ્રશંસા કરે છે, જેથી તેમને દરેક વસ્તુનો સામનો કરવામાં મદદ મળી, જેને તે ઘરે મિસ કરશે. તેમણે શુક્રવારે ગેરહાજર બેલેટ માટે અનુરોધ કર્યો જેથી તે ઓર્બિટમાંથી નવેમ્બર મહિનામાં યોજાનારી ચૂંટણીમાં મતદાન કરી શકે. બંનેએ પોતાના નાગરિક કર્તવ્યોને પુરા કરવાના મહત્વ પર ભાર મુક્યો, કારણ કે મિશન હજુ ચાલુ છે. આ જોડીએ આ અઠવાડિયાની શરૂઆતમાં સાત અને અન્ય લોકો સ્પેસ સેન્ટરમાં સ્વાગત કર્યું, જેમાં બે રશિયન અને અમેરિકન સામેલ છે. હવે સ્પેસ સેન્ટરમાં ૧૨ લોકો હાજર છે. આમાંથી બે યાત્રી આ મહિનાના અંતમાં સ્પેસ એક્સ પર ઉડાન ભરશે. સાથે જ બે કેપ્સૂલ સીટો વિલ્મોર અને વિલિયન્સની વાપસી માટે ખાલી રાખવામાં આવશે. તમને જણાવી દઈએ કે તેમના સ્ટારલાઈનર કેપ્સૂલે અંતરિક્ષ યાત્રીઓ સાથે બોઈંગની પહેલી અંતરિક્ષ ઉડાનને ચિન્હિત કરી. ૬ જૂને અંતરિક્ષ સ્ટેશન પર પહોંચતાં પહેલાં તેના ઘણા થ્રસ્ટર નિષ્ફળતાઓ અને હીલિયમ લીકને સહન કર્યા.

### મુંબઈના ભાંડુપ વિસ્તારમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે

# મહિલા મિત્રએ વાત કરવાની ના પાડતા યુવકે હુમલો કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

મુંબઈના ભાંડુપ વિસ્તારમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક વ્યક્તિએ તેની પ્રેમિકા પર છરી વડે હુમલો કર્યો કારણ કે તેણીએ વાત કરવાની ના પાડી હતી. આ પછી આરોપીએ પોતાની ગરદન પણ છરી વડે કાપી નાખી. હાલ બંનેને ગંભીર હાલતમાં દાખલ કરવામાં આવ્યા છે. મુંબઈના ભાંડુપ વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક ૩૩ વર્ષીય વ્યક્તિએ તેની પ્રેમિકા પર ચાકુ વડે હુમલો કર્યો હતો. આ પછી તેણે પોતાની ગરદન પણ ચાકુથી કાપી નાખી. એવું કહેવાય છે કે વ્યક્તિએ તેની મહિલા મિત્ર પર હુમલો કર્યો કારણ કે તેણે તેની સાથે વાત કરવાનો ઈનકાર કર્યો હતો. હાલ બંનેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મહિલાની મુલુંડ જનરલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જ્યારે આરોપીને સાયન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ભાંડુપ પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓ વિરુદ્ધ BNS કલમ ૧૦૯ (હત્યાનો પ્રયાસ), ૧૧૮(૧) (ખતરનાક હથિયારથી ઈજા પહોંચાડવી), ૧૧૮(૨) (ખતરનાક હથિયારથી ગંભીર ઈજા પહોંચાડવી), ૩૫૨ (૩૫૨) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

### પૂર કે દુષ્કાળ જેવી આફતથી મળશે છુટકારો

# વરસાદને કરવામાં આવશે કન્ટ્રોલ, ભારતીય વિજ્ઞાનીઓએ યોજના બનાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ભારતમાં દર ચોમાસા દરમિયાન અનેક જગ્યાએ વરસાદ અને પૂરની પરિસ્થિતિ સર્જાતી રહે છે, જ્યારે ઉનાળા દરમિયાન કેટલાક સ્થળોએ દુષ્કાળની પણ સમસ્યા ઊભી થાય છે, ત્યારે હવે આ સમસ્યાને દૂર કરવા માટે ભારતીય વિજ્ઞાનીઓએ મોટી યોજના બનાવી છે. ભારતીય હવામાન વિભાગે (IMD) વરસાદને કન્ટ્રોલ કરવા માટે એક પ્રોજેક્ટ પર કામગીરી શરુ કરી છે. વિશેષ ભાગોમાં વરસાદને કન્ટ્રોલ કરવા માટે IMD આગામી પાંચ વર્ષમાં હવામાન GPT લાવશે. ઉદાહરણ તરીકે, જો ૧૫મી ઑગસ્ટે લાલ કિલ્લા પર ઝંડો લહેરાવવાનો કાર્યક્રમ હોય અને આ સમયે વરસાદ પડે તો તેને આ ટેકનીકથી મદદથી વિજ્ઞાનીઓ વરસાદને રોકવામાં સક્ષમ બનશે. આ ઉપરાંત જો કોઈ ભાગમાં પૂરની સ્થિતિ વખતે વરસાદને પણ કન્ટ્રોલ કરી શકાશે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય(MOES)ના સચિવ એમ. રવિચંદ્રને કહ્યું કે, આગામી પાંચ વર્ષમાં શહેરોમાં પૂર દરમિયાન વરસાદ અને અતિવૃષ્ટિને અટકાવી શકીશું. અમે પહેલા કૃત્રિમ વરસાદ રોકવા અને વધારવા પર પ્રયોગ કરીશું.

### IASએ કહ્યું - એકાઉન્ટ હેક

## નોઈડા ડીએમના એક્સ હેન્ડલ પરથી કોંગ્રેસ નેતા પર વાંધાજનક ટિપ્પણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

અધિકારી તરફથી કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનાટેને ટ્રોલ કરતી સોશિયલ મીડિયા પોસ્ટ કોંગ્રેસના પ્રવક્તા સુપ્રિયા શ્રીનાતે ઈતિહાસકાર અશોક પાંડે સાથેની તેમની વાતચીતની ક્લિપ X પર પોસ્ટ કરી, જેમાં તેમણે ટિપ્પણી કરી, ‘ઈતિહાસ બને છે અને બદલી શકાતો નથી. નરેન્દ્ર મોદી જાણે છે કે ઈતિહાસ તેમને કેવી રીતે યાદ રાખશે અને તેથી જ તેઓ ચિંતિત છે. આના જવાબમાં, જિલ્લા મેજિસ્ટ્રેટ ગૌતમ બુદ્ધ નગર/નોઈડાના સત્તાવાર એક્સ હેન્ડલ પરથી વાંધાજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. આ ટિપ્પણીને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર કટાક્ષ તરીકે વર્ણવવામાં આવી હતી.જવાબ પર નારાજગી વ્યક્ત કરતા શ્રીનેતે કહ્યું, ‘તે ડીએમ નોઈડા છે, તે સમગ્ર જિલ્લાની જવાબદારી છે. દેશના વિપક્ષી નેતા રાહુલ ગાંધીને લઈને તેમની ભાષા અને વિચારો જોવા જોઈએ. તે સ્પષ્ટ છે કે વહીવટી સ્ટાફ સંઘીઓથી ભરેલો છે, અને હવે તેઓ બંધારણીય હોદ્દા પર બેસીને નફરતને વેગ આપી રહ્યા છે.કોંગ્રેસના નેતા પવન ખેડાએ પણ સિવિલ સર્વિસિસના રાજનીતિકરણ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, ‘શું હવે ભાજપના શાસનમાં IAS અધિકારીઓને આવી રાજકીય ટિપ્પણી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે? @myogiadityanath @HMOIndia. શિવસેના (UBT)ના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું, અને વેચાયેલી સરકારના DM તરફથી તે વાંધાજનક ટ્વીટ વાંચ્યા પછી, @SupriyaShrinate ને તેઓ જે લાયક છે તે બધું આપવા બદલ અભિનંદન!હોબાળા વચ્ચે, ગૌતમ બુદ્ધ નગર જિલ્લા મેજિસ્ટ્રેટે સ્પષ્ટતા જારી કરીને દાવો કર્યો હતો કે પોસ્ટ તેમના દ્વારા લખવામાં આવી ન હતી.

# પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે અમૃતપાલ સિંહને નોટિસ ફટકારી

। (એજન્સી) પંજાબ, તા.૧૪ ।

પંજાબના ખદુર સાહિબથી અપક્ષ સાંસદ અમૃતપાલ સિંહનું સંસદ સભ્યપદ જોખમમાં છે. ચૂંટણી રદ કરવાની માગણી કરતી અરજી પર સુનાવણી કરતી વખતે પંજાબ-હરિયાણા હાઈકોર્ટે શુક્રવારે જેલમાં બંધ સાંસદ અમૃતપાલ સિંહને નોટિસ જારી કરી હતી. કોર્ટે આ નોટિસ ડિબ્રુગઢ જેલમાં બજાવવાનો આદેશ આપ્યો છે. વાસ્તવમાં ખડુર સાહિબ લોકસભા સીટથી અપક્ષ ઉમેદવાર વિક્રમજીત સિંહે અમૃત પાલ સિંહ વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. વિક્રમજીતે પોતાની અરજીમાં આરોપ



લગાવ્યો છે કે અમૃતપાલ સિંહે ચૂંટણી દરમિયાન ચૂંટણી પ્રચાર પર થયેલા ખર્ચ વિશે કોઈ માહિતી આપી નથી. તેણે એમ પણ કહ્યું કે તેણે પોતાના પ્રચારમાં ધાર્મિક ચિહ્નો અને ધાર્મિક સ્થળોનો ઉપયોગ કર્યો છે, જે સંપૂર્ણપણે ખોટું છે. વિક્રમજીત સિંહે પોતાની અરજીમાં ઘણા આરોપ લગાવ્યા છે અને અમૃત પાલ સિંહની ચૂંટણી રદ કરવાની માંગ કરી છે. જેના જવાબમાં હાઈકોર્ટે અમૃત પાલને નોટિસ જારી કરીને જવાબ માંગ્યો હતો. સાથે જ કોર્ટે આ નોટિસ ડિબ્રુગઢ જેલમાં બજાવવાનો આદેશ આપ્યો છે.તમને જણાવી દઈએ કે વારિસ પંજાબ દે સંગઠનના વડા અને ખાલિસ્તાની નેતા અમૃતપાલ સિંહ ખડુર સાહિબ બેઠક પરથી ચૂંટણી જીત્યા છે. અમૃતપાલ સિંહ આસામના ડિબ્રુગઢની જેલમાં બંધ છે. અમૃતપાલ સિંહે કોંગ્રેસના કુલબીર સિંહ ઝીરાને ૧.૯૭ લાખ મતોથી હરાવ્યા છે.તે જ સમયે, રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ શુક્રવારે પંજાબમાં ખાલિસ્તાન તરફી નેતા અમરજોત, જેલમાં બંધ સંસદસભ્ય અને કટ્ટરપંથી ઉપદેશક અમૃતપાલ સિંહના સાળા અને ભારતીય પર હુમલાની તપાસના સંબંધમાં તેના સહયોગીઓની ધરપકડ કરી હતી. કેનેડામાં હાઈ કમિશને ગયા વર્ષે સ્થળોની શોધ કરી હતી.એક સત્તાવાર નિવેદન અનુસાર, ફ્રેંછની ટીમો સર્ચ દરમિયાન જપ્ત કરવામાં આવેલા ગુનાહિત દસ્તાવેજો ઉપરાંત ડિજિટલ ઉપકરણો, સિમ કાર્ડ અને શંકાસ્પદ નાણાકીય વ્યવહારના રેકોર્ડની તપાસ કરી રહી છે. અમૃતપાલ સિંહ ગયા વર્ષે માર્ચથી જેલમાં છે.

## તંત્રી લેખ...

# યોજનાથી અસંખ્ય બુઝુર્ગોને નવી જિંદગી મળશે અને ઉંમર પણ વધશે


ભારતને યુવાઓનો દેશ કહેવાય છે, પરંતુ વરિષ્ઠ નાગરિકોની સંખ્યા પણ સમય સાથે વધતી જશે. એવામાં કેન્દ્ર સરકારે આયુષ્માન ભારત વડાપ્રધાન જન આરોગ્ય યોજના (એબી-પીએમજેએવાય) અંતર્ગત ૭૦ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના તમામ નાગરિકોને આર્થિક લાભ આપવાનો જે ફેંસલો કર્યો છે, તે સુખદ અને સ્વાગતયોગ્ય છે. સૌથી ખાસ વાત એ છે કે આ યોજનાનો લાભ તમામ વરિષ્ઠોને મળશે. પહેલાં સરકાર એ માનતી હતી કે જે વરિષ્ઠ આર્થિક રૂપે સક્ષમ છે, તે પોતાનો ચિકિત્સા ખર્ચ આસાનીથી ઉઠાવી શકે છે. હવે આ એક મહત્ત્વપૂર્ણ બદલાવ છે કે આ યોજનાનો લાભ ૭૦ વર્ષ થતાં જ દરેક ભારતીયોને મળશે. આયુષ્માન યોજનાને દુનિયામાં સૌથી મોટી ચિકિત્સા વીમા યોજના માનવામાં આવે છે અને તેમાં થયેલો આ વિસ્તાર ભારતના બહેતર થતા ભવિષ્યનો જ એક સંકેત છે. ભારતમાં બુઝુર્ગોની સ્વાસ્થ્ય સુરક્ષાનો પ્રબંધ બહુ જરૂરી છે અને સમય સાથે તેમની સુવિધાઓ વધારતા જવું જરૂરી છે. જો કોઈપણ બુઝુર્ગને હવે પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર માટે પરેશાન ન થવું પડે, તો તે આપણા સમાજ માટે બહુ સારી વાત હશે. યોજનાથી અસંખ્ય બુઝુર્ગોને નવી જિંદગી મળશે અને તેમની ઉંમર પણ વધશે. આપણા દેશના લગભગ છ કરોડ વરિષ્ઠ નાગરિકો હવે સાર્વભૌમિક સ્વાસ્થ્ય સુરક્ષાના દાયરામાં આવી રહ્યા છે, તો તે પ્રમાણ છેકે આજે આપણા દેશની સરકાર આર્થિક રૂપે સક્ષમ છે. લોકો ભારે માત્રામાં ટેક્સ ચૂકવી રહ્યા છે તો તેનો લાભ વિભિન્ન યોજનાઓના માધ્યમથી તેમના સુધી પહોંચવા જ જોઈએ. એક લોક કલ્યાણકારી સરકારનું આ જ સાચું સ્વરૂપ છે. સરકારનું એક અનુમાન છે કે આ યોજનાથી લગભગ ૪.૫ કરોડ પરિવારો સુધી લાભ પહોંચશે. એવા અનેક આંકડા છે, જે દર્શાવે છે કે સારવારના ભારે ખર્ચને કારણે મોટી સંખ્યામાં લોકો ગરીબ થઈ જાય છે. કોઈએ દેવું કરવું પડે છે તો કોઈને સંપત્તિ વેચવી પડે છે. ધ્યાન રહે, આજે આયુષ્માન યોજનાને કારણે ૧૨ કરોડથી વધુ પરિવાર લાભના દાયરામાં છે. કદાચ એક દિવસ એવો આવશે કે એકદમ અમીર કે સક્ષમ લોકો સિવાય બધા સામાન્ય લોકો આવી જ કોઈ યોજનાના દાયરામાં આવી જશે. અપેક્ષાકૃત તેજ આર્થિક પ્રગતિ વચ્ચે આપણે એ ભૂલવું ન જોઈએ કે ભારતમાં સામાજિક સુરક્ષા કમજોર પડી રહી છે. સ્વાસ્થ્ય સેવાનો ખર્ચ પણ સતત વધી રહ્યો છે.

## મણિપુરમાં શાંતિ અને સ્થિરતા ખૂબ જરૂરી

છેલ્લાલ ગભગ દોઢ વર્ષથી સળગી રહેલા મણિપુરમાં હિંસા અને અશાંતિએ ફરી માથું ઊંચક્યું છે. તેને કારણે ત્યાં બંધ અને કરફ્યૂના દિવસો પાછા આવ્યા છે. એ પણ ચિંતાજનક છે કે ત્યાં ખતરનાક ડ્રોન અને રોકેટથી હુમલા થવા લાગ્યા છે. એટલું જ નહીં, સીઆરપીએફ જેવા અર્ધસૈનિક દળોને નિશાનો બનાવવામાં આવે છે. અરાજકતાની આ સ્થિતિ ત્યારે છે જ્યારે ત્યાં કેન્દ્રીય સુરક્ષા દળોના લગભગ ૭૦,૦૦૦ જવાનો તૈનાત છે. સ્પષ્ટ છે કે આટલી મોટી તૈનાતી છતાં સમસ્યાનાં મૂળને ઓળખીને તેના પર જરૂરી કાર્યવાહી નથી થઈ શકી. જો ત્યાં તાત્કાલિક પ્રભાવી પગલાં ભરવામાં નહીં આવે તો સ્થિતિ હાથમાંથી નીકળી શકે છે. ઉપરથી મ્યાંમારની અસ્થિરતાને કારણે પરિસ્થિતિઓ વધુ જટિલ થતી જાયછે. આ નવા ડ્રોન અને રોકેટ હુમલા દર્શાવે છે કે બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારના પતન અને અમેરિકા સમર્થિત પિઠ્ઠુ મોહંમદ યુનૂસ સરકાર સત્તામાં આવવાથી મણિપુરમાં કુકી અલગતાવાદીઓનો જુસ્સો ઓર વધી ગયો છે. તેઓ મ્યાંમારના ચિન પ્રદેશ અને ભારતમાં મણિપુર અને મિઝોરમના કુકી બહુલ ક્ષેત્રોને ભેળવીને કુકીલેન્ડ બનાવવાના પોતાના મિશનના આગામી ચરણમાં પ્રવેશ કરી ચૂક્યા છે. આ અભિયાનને અમેરિકાનું સમર્થન છે. એમ તો અમેરિકા દેખાડા પૂરતું મ્યાંમારની સૈન્ય સરકાર વિરુદ્ધ છે, પરંતુ આ ક્ષેત્રમાં ચીનના વધતા પ્રભાવથી અમેરિકામાં ખળભળાટ પણ છે. તેથી બાંગ્લાદેશમાં અમેરિકાએ પોતાના મનમાફક સત્તા પરિવર્તન કરાવ્યું. જ્યાં મણિપુરમાં હથિયારબંધ વિદ્રોહની આંચ વધારી દેવામાં આવી છે, ત્યાં જ મ્યાંમારના ચિન પ્રદેશ પર ચીન-કુકી ઉગ્રવાદી સંગઠનોના કબ્જાને કારણે ભારતનો મ્યાંમારથી ભૂસંપર્ક ખોરવાઈ ગયો છે. ચીન અને અમેરિકા પોતપોતાના દ્વારા સમર્થિત ઉગ્રવાદી સંગઠનોના માધ્યમથી મ્યાંમારને પોતપોતાના પ્રભાવ ક્ષેત્રોમાં વહેંચતા જાય છે. ભારત આ ખેલની બહાર ઊભું છે અને અસમંજસમાં દેખાઈ રહ્યું છે. ભારત મ્યાંમારમાં લોકતંત્રની બહાલીની વાત કરે છે, પરંતુ તેનો જવાબ કોઈની પાસે નથી કે દેશના તમામ હિસ્સામાં હથિયારબંધ જૂથોના કબ્જાની સ્થિતિમાં લોકતંત્ર કેવી રીતે બહાલ થશે? એ પણ એક મોટો સવાલ છે કે મ્યાંમારના વિઘટનની સ્થિતિમાં આપણી સાથે કયા જૂથ ઊભા રહેશે? એ મુશ્કેલી પણ ઓછી નથી કે ચિન પ્રદેશ પર કબ્જા બાદ મણિપુરના હિસ્સાને ભેળવીને કુકીલેન્ડ બનાવવા માટે સશસ્ત્ર સંઘર્ષ છેડેલા ૨૪ કુકી ઉગ્રવાદી સંગઠનો સાથે ભારત સરકારની હાલમાં એક સમજૂતી છે. આ સમજૂતી અંતર્ગત આ સંગઠનો વિરુદ્ધ સુરક્ષા દળોના અભિયાનને સ્થગિત રાખવામાં આવ્યું છે. આ સંગઠનોને સરકાર દ્વારા ચિહ્નિત કેમ્પોમાં ભારતીય સુરક્ષા દળોના નિરીક્ષણમાં રહેવાનું છે અને હથિયારોનો ઉપયોગ નથી કરવાનો. આ ૨૦૦૦થી વધુ ઉગ્રવાદીઓને સરકાર પાસેથી ૬૦૦૦ રૂપિયા દર મહિને ભથ્થું પણ મળે છે. તેમ છતાં આ સંગઠનો સતત હિંસક ગતિવિધિઓમાં સામેલ થઈ રહ્યા છે, આતંકી હુમલાને અંજામ આપી રહ્યા છે અને ઉપરોક્ત સમજૂતીની શરતોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. જોકે ઉગ્રવાદી સંગઠનોના હાથમાં સીમાવર્તી ચિન પ્રદેશ ચાલ્યા જવાને કારણે અને મ્યાંમારમાં ભારતીય વ્યૂહાત્મક હિતોને ધ્યાનમાં રાખતાં ભારત સરકાર આ જૂથોને નારાજ કરવાથી બચી રહી છે અને સમજૂતીને સ્થગિત નથી કરી રહી, જ્યારે મણિપુર સરકાર આ સમજૂતીથી હાથ ખેંચી ચૂકી છે. આ સમગ્ર ઘટનાક્રમથી મૈતેયી સમુદાયમાં અસંતોષ વધતો જાય છે, કારણ કે હિંસક હુમલાને આઅંજામ આપ્યા બાદ આતંકી આ સુરક્ષિત કેમ્પોમાં શરણ લઈ લે છે. જોકે મણિપુર પોલીસ અને કેન્દ્રીય અર્ધસૈનિક દળો સ્થિતિ સંભાળવામાં સક્ષમ નથી દેખાતા તો એનાથી પણ અસંતોષ પેદા થઈ રહ્યો છે. આ જ કારણે કુકી અને મૈતેયી સમુદાય અલગ-અલગ સુરક્ષા દળોની માંગ કરી હ્રયા છે. જ્યાં કુકી અસમ રાઈફલ્સની તૈનાતી માગે છે, તો મૈતેયી સીઆરપીએફના પક્ષમાં છે. મણિપુરમાં ચારેબાજુ અવિશ્વાસનું સંકટ પેદા થઈ ગયું છે. તેનાથી કેટલાય ખતરા પેદા થવાની આશંકા વધી છે. એ ભૂલવું ન જોઈએ કે મણિપુરમાં પહેલેથી કેટલાય માઓવાદી મૈતેયી ઉગ્રવાદી સંગઠન સક્રિય રહ્યાં છે.

**મોંઘવારી ત્યાં જ વધુ હોય જ્યાં જરુરીયાત વધુ હોય! પ્રાથમિક જરૂરિયાતમાં વિવિધતાનાં ઓપ્શન ઉમેરાતાં ગયાં, એને કારણે મોંઘવારી!**

# સમજાતું નથી કે ગુજરાતનું કાસ્ટ ઓફ લિવિંગ ૪૬૦૦૦ જેટલું છે, એમાં રાજી થવું કે દુઃખી??



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**કાસ્ટ ઓફ લિવિંગ વધું એટલે કે મોંઘવારી વધું અથવા તો રહેણીકરણી મોંઘી!; હોય પણ ખરી! કારણકે ગુજરાત અન્ય રાજ્યની સરખામણીમાં સમૃદ્ધ અને શોખીન પણ ખરું! એટલે કે ગુજરાતી ચેનકેન પ્રકારે કમાણી કરે પણ રહેવાનું તો ઠાઠથી! એવી એમની વિચારસરણી ખરી. દૈનિક રુપિયા ૫૦૦ કમાવા વાળાનાં ભાણામાં બે શાક તો હોય જ!**

ગુરુવારનાં ગુજરાત સમાચારનાં મુખ્ય સમાચાર વાંચીને આંચકો લાગ્યો! કે કાસ્ટ ઓફ લિવિંગની યાદીમાં સમગ્ર દેશમાં ગુજરાત સૌથી મોંઘુ રાજ્ય છે, ગુજરાતમાં એક પરિવારને સામાન્ય જિંદગી જીવવા પણ મહિને રૂપિયા ૪૬૦૦૦ જોઈએ! હિમાચલમાં એક સામાન્ય પરિવારને જીવન ગુજારવા માટે રૂપિયા ૨૩ હજારની જરૂર પડે છે! ફૂલ ઝાકઝમાળ વાળું મુંબઈ અને મહારાષ્ટ્રનું કાસ્ટ ઓફ લિવિંગ પણ ગુજરાત કરતા ઓછું છે. ટૂંકમાં ૨૮ સ્ટેટમાં ગુજરાતનું કાસ્ટ ઓફ લિવિંગ વધુ છે, પણ કમાલ તો ત્યાં છે, કે મોંઘવારીનાં રોદણાં સૌથી વધુ ગુજરાતી જ રોતાં હોય છે, ફેસ્ટીવલ આપણા પ્રાંતના હોય કે ન હોય પણ દરેક વખતે બજાર જે રીતે ધમધમતી હોય છે, અને સામાન્યથી સામાન્ય આવક ધરાવતાં લોકો પણ કંઈક ને કંઈક જુગાડ કરીને ખરીદતાં જ હોય છે. એમનાં બીલ જોઈને કોઈ ને લાગે જ નહીં, કે આ એ જ ગુજરાતી છે, જે હમણાં થોડીવાર પહેલાં વધતા જતાં દાલ ચાવલના ભાવ વિશે દસ મિનિટનું ભાષણ આપ્યું હતું! અને સરકાર કંઈ કરતી નથી!આની કરતાં તો પહેલાની સરકાર સારી હતી! પોતે કેમ કરીને આ મોંઘવારીમાં બે છેડા ભેગા કરે છે, એ તો એનું મન જ જાણે છે! એવી બધી વાતો કરતો હતો!

કાસ્ટ ઓફ લિવિંગ વધું એટલે કે મોંઘવારી વધું અથવા તો રહેણીકરણી મોંઘી!; હોય પણ ખરી! કારણકે ગુજરાત અન્ય રાજ્યની સરખામણીમાં સમૃદ્ધ અને શોખીન પણ ખરું! એટલે કે ગુજરાતી યેનકેન પ્રકારે કમાણી કરે પણ રહેવાનું તો ઠાઠથી! એવી એમની વિચારસરણી ખરી. દૈનિક રુપિયા ૫૦૦ કમાવા વાળાનાં ભાણામાં બે શાક તો હોય જ! અઠવાડિયે એકવાર ગાંઠિયા, ફાફડા તો જોઈએ જ, અઠવાડિયે એકવાર મિષ્ટાન્ન!: અને એકવાર સમોસા ભજીયાંનું પડીકું! થેપલાં ઢોકળા પણ... એટલે કે ખાવાંમાં કોઈ કોમ્પ્રમાઈઝ નહીં! બીજું નકલ



કરવી એ ગુજરાતીઓનો એક શોખ છે! અને એટલે જ રિયલ બ્રાંડની ફર્સ્ટ કોપી આપણે ત્યાં સૌથી વધુ વેચાય છે. એટલે કપડાં બૂટ ચપ્પલ સ્પ્રે કે પછી અન્ય ફેશન એસેસરીઝ હિરો હિરોઈન કે ક્રિકેટર કે પછી અન્ય રોલ મોડેલ જેવા પહેરવા માટે પણ રુપિયા ખર્ચે! બે જોડથી કામ ચાલતું હોય તો ચાર ખરીદે! ઉપરાંત હવે તો શિક્ષણ અને એમાં પણ દેખાદેખી! અત્યંત મોંઘી સ્કૂલ, મોંઘા ટ્યુશન ક્લાસીસ, મોંઘા પીજી, અને મોંઘા મોંઘા યુનિફોર્મ! સાચું કહું તો ગુજરાતીઓનું કાસ્ટ ઓફ લિવિંગ આટલું વધુ હોવાનું કારણ દેખાદેખી જ છે! કારણકે મોંઘવારી ત્યાં જ વધુ હોય જ્યાં જરુરીયાત વધુ હોય! એટલે કે પ્રાથમિક જરૂરિયાતમાં વિવિધતાનાં ઓપ્શન ઉમેરાતાં ગયાં અને એને કારણે મોંઘવારી વધું!

ટૂંકમાં ગુજરાતીઓની લાઈફ સ્ટાઈલ દિવસેને દિવસે હાઈ થતી જાય છે! મધ્યમ વર્ગનું નાનું બાળક હોય ત્યારથી, એને હું નટરાજની જ પેન્સિલ વાપરીશ,સેલોની બોલપેન અને નોટમાં ક્લાસ મેટ! બોટલ લંચ બોક્ષ અને સફૂલ કીટની તો વાત જવા દો, એક એકથી ચડિયાતી ચોઈઝ મળે છે! થોડા મોટા થાય એટલે ટીવીની જાહેરાતોની અસર.. પછી સ્કૂલ કોલેજમાં દેખાદેખી.. એમાં માબાપ એ થોડો સંઘર્ષ કર્યો હોય તો તો, મારું બાળક આવું ન ભોગવે! એમ વિચારીને લાડને નામે આદત બગાડવી, બસ આમ જ ... ગુજરાતનું કાસ્ટ ઓફ લિવિંગ હાઈ થતું જાય છે! અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા જેવા શહેરોમાં આ બધું વધુ જોવા મળે કારણ કે ત્યાં રોજગાર પણ છે! અને કમાણી હોય ત્યાં એનાં દૂષણ પણ હોય, એટલે કે અન્ય વ્યસનની રીતે પણ થોડો ખર્ચ થાય. ખાણીપીણી હોય, કોઈપણ શોખ હોય, ફેશન હોય, કે પછી વ્યસન હોય, આ બધીજ પ્રકારના લોકો ગુજરાતી સમાજમાં જોવા મળે છે, અને એટલે અહીં મોંઘવારી વધું છે! જેના રોદણાં રડવા છતાં આપણને એ જોઈએ તો છે જ! અને આ બધી જ પ્રકારનાં વેપાર પણ ગુજરાતમાં ખૂબ ચાલે! તમાકુ, બીડી, સિગારેટ, ડ્રગ્સ, અને દારૂમાં તો વિદેશી નહીં તો દેશી પણ ચાલશે વાળા પણ એટલાં જ!

ગુજરાતનો વિકાસ કરી કરીને નાના મોટા દરેક શહેરમાં મોલ ખડકાતા જાય છે! મલ્ટિપ્લેક્સ સિનેમા શરૂ થતાં જાય છે! આડેધડ ખાણીપીણી, અને હું રેસમાંથી ફેંકાઈ જઈશ તો એ સ્ટેટસનું સટ્રેસ ભર્યું જીવન, એટલે રોગ વધ્યા! ડોકટર વધ્યાં, ડાયેટિશયન વધ્યાં, જીમ વધ્યાં, ઉપરાંત મનોરંજનને નામે પણ કેટલાય ક્લાસ! ફેશન એસેસરીઝ માટેની તમામ બ્રાંડના શો રુમ ! અને સામાન્ય આવક ધરાવતાં લોકો, આ બધું એફોર્ડ ન કરી શકે એટલે ચોરી લૂટ સાઈબર ક્રાઈમ! બ્લેકમેઈલ જેવા કેટલાય ગુન્હા! મૂળ વાત એ છે કે હવે દરેક ગુજરાતીએ વિચારવાનો સમય આવી ગયો છે, કે શું તે આમ જ જીવશે! અને એનો જવાબ સો ટકા હાં જ હશે! અને તો પછી આવતાં દસ વર્ષમાં ગુજરાતનું કાસ્ટ ઓફ લિવિંગ કદાચ એક લાખ આરામથી હશે! અને આ તો પાછો સામાન્ય વર્ગનું, એટલે કે લો મીડલ ક્લાસ, જ્યારે અપર મીડલ ક્લાસને તો દોઢ બે પણ ઓછાં પડશે! જે ખરેખર વધુ છે. આમાં પાછું મેડિકલ અને હરવા ફરવાનું તો એક્સ્ટ્રા! વિચારો વિચારો... સમય હજી આપણા હાથમાં છે! મોંઘવારીનો સૌથી પહેલો નિયમ જ્યાં જરુરીયાત વધુ ત્યાં મોંઘવારી વધું! શું આપણે આપણા વડીલોની જેમ જરુરીયાત ઓછી કરીને જીવી ન શકીએ! કારણકે સાચી ખુશી કે આનંદ આ એકપણ ભૌતિક સાધનો આપી શકતા નથી! હાં સુખ મળે, પણ સુખ ક્ષણિક હોય છે! જેમ કે આઈસ્ક્રીમ! જીભ પર સ્વાદ રહે ત્યાં સુધી! અને આપણે આવા ક્ષણિક સુખ માટે લાખો રૂપિયા અત્યાર સુધીમાં જીવન યજ્ઞમાં હોમી દીધાં! રુપિયા એ આજના યુગની સૌથી આવશ્યક વસ્તુ માંની એક છે! અને આવું જ જીવન ધોરણ રહેશે તો અત્યારે જે તે થોડાં ઘણાં અંશે જોવા મળે છે, એ વ્યવહાર અને સંબંધોની પણ બોલી લાગશે! લગ્ન વગેરેમાં તો અત્યાર સુધી દિકરા વાળાની શરતો રહેતી, પણ હવે દિકરી વાળા લકઝરિયસ ફ્લેટ, ગાડી અને મિનીમમ બેંક બેલેન્સ ઉપરાંત બીજા અન્યની ડિમાન્ડ રાખતા થઈ ગયા છે! પીત્ઝા પાસ્તા કસ્ટમાઈઝ કરીએ તો વ્યાજબી કહેવાય, પણ સંબંધો કસ્ટમાઈઝ કરીને એક પરિવારમાં રહેવાની તૈયારી હોય તો કાસ્ટ ઓફ લિવિંગની ચિંતા નથી! બાકી તો પછી વિચારી લેજો ગુજરાતીઓ. પરિવારમાં જેટલાં જણ છે, એટલાંના ખાલી કપડાં જ અલગ હોય, પણ હવે તો સાબુ, શેમ્પૂ, પેસ્ટ, સ્પ્રે, દૂધ ઘી, બધું જ જુદું થતું જાય છે, અને એ સમય દૂર નથી, જ્યાં દરક ઘરમાં ડોક્ટર, ડાયેટિશયન અને કુક પણ અલગ અલગ ..જય હિન્દ.

**શંકરનું રૂપ સર્વપ્રિય ન બની શક્યું તેથી તે પૂર્વરૂપમાં જ રહ્યા લિંગ જ રહ્યા, વિષ્ણુનું રુપ સર્વ પ્રિય અને આકર્ષક બન્યું**

# ભારતની ભવ્ય ધરા પર ભગવાનનો અવતાર આગમન ક્યારે અને કેવા સંજોગો થયું તે જાણવા પ્રયત્ન કરીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પ્રથમ નિરાકાર બ્રહ્મની સાકાર ઉપાસનાને જ્યારે પ્રારંભ થયા અને તેનું પ્રતીક બનવા લાગ્યું ત્યારે સૌથી પ્રથમ જે પ્રતીકો અસ્તિત્વમાં આવ્યાં તે એ જ હતાં: શિવલિંગ અને શાલીગ્રામ. સિંધમાં આવેલા મોહનજોદડોના ખોદકામમાંથી એક શિવલિંગ નીકળ્યું છે. ત્યાંથી જે વસ્તુઓ મળી આવી છે તેના પરથી કાળવિશેષજ્ઞાનોનો મત છે કે તે વસ્તુ મહાભારતકાળથી પણ પૂર્વની છે.**

વેદના પુરુષસૂકતનું મનન બતાવે છે કે ઉપાસના માટે નિરાકાર બ્રહ્મ નો ઉપયોગ અતીત કાળમાં થતો હતો.પણ જે સમયે પુરુષ સૂક્ત રચાયું હશે, તે પહેલાં સાકાર અને સગુણ બ્રહ્મ પણ પ્રચારમાં હશે જ કેમ કે ત્યાં પ્રશ્ન કરવામાં આવ્યો છે કે તે બ્રહ્મનું મુખ શું હતું? બાહુ શું હતા ? ઊરુ શું હતા અને પગ શું હતા ? એ પ્રશ્નો બતાવે છે કે હાથ-પગવાળા બ્રહ્મ પણ કલ્પાઈ ચૂકયો હતો. ઈશ્વર એટલે રાજા.રાજા એટલે મનુષ્ય નો રાજા અને રાજાનો પણ રાજા મનુષ્ય ઈશ્વરની કલ્પના કરવામાં પોતાની સ્થિતિથી બહુ આગળ જઈ શક્યા નહિ.મનુષ્ય ઈશ્વરના વધારે શક્તિશાળીપણાનો સ્વીકાર કરી શકે છે પણ આકાર તો પોતાના આકારની જેમ જ કલ્પે છે.તેથી જ ઈશ્વર પણ હાથ પગ,મુખ,માથું,મન વગેરે અવયવ વાળો જ કલ્પાયેલો. અહી એવું લાગે છે કે જો ગધેડાએ પણ ઈશ્વરને માનતા હશે તો તેમનો ઈશ્વર ગધેડા જેવો જ આકાર ધરાવતો હશે. માખીઓ અને મચ્છરોનો ઈશ્વર માખી અને મચ્છર જેવા જ હશે. મનુષ્યોએ મનુષ્યની જેમ જ ઈશ્વર રચી કાઢયો. જે ઈશ્વર નિર્ગુણ તે નિરાકાર કલ્પાયેલા હતા તેનાં સ્વરૂપમાં વિકાસ થયા અને ક્રમે ક્રમે તે સગુણ ને સાકાર બન્યો, સગુણ ને સાકાર ઈશ્વરની પૂજા વૈદિકકાળના ક્યા વિભાગ માં થતી હશે તે નિશ્ચિતરૂપે કહી શકતા નથી. યજ્ઞોમાં જે ઈન્દ્ર, વરૂણ આદિ દેવોની પૂજા થતી હતી તે પણ કદાચ તેમને ઈશ્વર માનીને જ થતી હશે.જો એમ હો તો યજ્ઞ કાળથી જ ઈશ્વરની રચનાનો આરંભ થયેલો કહેવાય. પણ મહાભારતને તે પછીના કાળમાં સગુણ સાકાર ઈશ્વરની જ પૂજા પ્રચલિત થઈ અને નિર્ગુણ-નિરા કાર બ્રહ્મ પદભ્રષ્ટ થયો એમ કહી શકાય. તેનું શાસ્ત્રોમાં સ્મરણમાત્ર અવશિષ્ટ રહ્યું. પૌરાણિક કાળ એને માટે વધારે ઉત્તરદાયી છે. તે સમયમાં જ સાકાર-બ્રહ્મોપાસના યુવાવસ્થામાં આવી. બ્રહ્મસૂત્રની રચના જ્યારે વ્યાસજીએ કરી તે સમયે પણ સાકાર-સગુણ બ્રહ્મનું દર્શન થતું નથી.જગદુત્પત્તિ આદિ ને લીધે તેને સગુણ માનવામાં આવે તો પણ હાથ પગવાળો ઈશ્વર કે બ્રહ્મ કોઈ જણાતો નથી. તેથી જ વિદ્વવાનો એમ પણ માને છે કે બધાં પુરાણો વ્યાસકૃત નથી પણ જે પુરાણેને વ્યાસકૃત માની લેવામાં આવ્યાં છે તેમાં પણ સાકાર બ્રહ્મ તો છે જ. તો પછી એક જ વ્યાસ બ્રહ્મસૂત્રમાં સાકાર બ્રહ્મનું સ્મરણમાત્ર પણ ન કરે, રામ, કૃષ્ણ, શિવ આદિનું નામ પણ ન લે અને પુરાણા બધાને બ્રહ્મની પદવી આપે એ બહુ જ આશ્ચર્યજનક ઘટના છે. બીજું સમાધાન કંઈ ન જડયું. ત્યારે વિદ્વવાનોએ બાદરાયણ વ્યાસ અને દ્વૈષાયન વ્યાસ એ રીતે ભેદ પાડયો અને બન્નેનો કાળ અલગ અલગ શોધાયા. પ્રથમ નિરાકાર બ્રહ્મની સાકાર ઉપાસનાને જ્યારે પ્રારંભ થયા અને તેનું પ્રતીક બનવા લાગ્યું ત્યારે સૌથી પ્રથમ જે પ્રતીકો અસ્તિત્વમાં આવ્યાં તે એ જ હતાં: શિવલિંગ અને શાલીગ્રામ. સિંધમાં આવેલા મોહનજોદડોના ખોદકામમાંથી એક શિવલિંગ નીકળ્યું છે. ત્યાંથી જે વસ્તુઓ મળી આવી છે તેના પરથી કાળવિશેષજ્ઞાનોનો મત છે કે તે વસ્તુ મહાભારતકાળથી પણ પૂર્વની છે. જો એમ જ હોય તો એ વાત નિશ્ચિંત થાય છે કે મહાભારત પૂર્વે અથવા વધારે નહી તો મહાભારતના સમયમાં શિવલિંગ પૂજા અસ્તિત્વમાં હતી. પણ તે લિંગપૂજા જ; દેહપૂજા નહિ જ. વૈષ્ણવ ધર્મે શાલગ્રામની પૂજાનો પ્રારંભ કર્યો, તે પણ નિરાકાર બ્રહ્મનું જ પ્રતીક, હવે સમજાશે કે નિરાકાર બ્રહ્મવાદી ઓએ જ્યારે પ્રતીકે- પાસનાનો આરંભ કર્યો ત્યારે હસ્ત પાદાદિ અવયવ રહિત ગોળમટોળ શંકર અને શાલીગ્રામ એ બે જ ઉપાસ્ય દેવરૂપે આવ્યા.અને આ બેનું આગમન શૈવધર્મ અને વૈષ્ણવધર્મ ને આભારી છે.પછી તે ક્રાન્તિકાળ આવ્યો. શંકર અને વિષ્ણુ બન્નેના દેહાવયવમાં ક્રાન્તિ થઈ.શંકર એકમુખ બન્યા, પંચ મુખ બન્યા, અર્ધનારીશ્વર બન્યા. વિષ્ણુ ચતુર્ભુજ બન્યા.બન્ને અસ્ત્ર શસ્ત્ર ધારી બન્યા. પૂર્વે કહેવામાં આવ્યું છે કે ઈશ્વર એટલે રાજા. રાજા એટલે પ્રજા રક્ષક,અસ્ત્ર-શસ્ત્રહીન રાજાપ્રજા રક્ષણ કરી શકે નહિ. તેથી બન્ને ઈશ્વરો અસ્ત્ર- શસ્ત્રથી સજ્જ થયા. શંકર અને વિષ્ણુ બન્નેના પગમાં ક્રાન્તિ ન થઈ. બન્ને બે પગ જરહ્યા.એ ક્રાન્તિ આગળ વધી. શંકરનું રૂપ સર્વપ્રિય ન બની શક્યું તેથી તે પૂર્વરૂપમાં જ રહ્યા લિંગ જ રહ્યા.વિષ્ણુનું રુપ સર્વ પ્રિય અને આકર્ષક બન્યું. પણ માનવોને પાછળથી ચાર હાથ વાળા ઈશ્વર ગમ્યા નહિ. વિજાતીયતા જણાઈ. તેથી પ્રથમ તે ઉપાસના કાળે અને પછી સદાને માટે વિષ્ણુ બે હાથ વાળા જ રહ્યા,પણ તેના નામો બદલાયાં રામ અને કૃષ્ણ. પણ એક વાર પૃથ્વી પટલ ઉપર આવી ગયેલી વસ્તુ સ્વરૂપતઃભલે ભુંસાઈ જાય પણ ઈતિહાસના પાને તે અમર જ રહે છે. એવું ઈશ્વરો માટે પણ બન્યું.શંકરના ત્રણે નેત્રો રહ્યાં. માથે ગંગાજી વધ્યાં. લિંગ પણ રહ્યું. વિષ્ણુના ચારે હાથ રહ્યા અને ઘણાય સ્થળે તે ચતુર્ભુજરૂપે પૂજાવવા લાગ્યા. પછી મનુષ્યોને એમ લાગ્યું કે ઈશ્વરને એકએક ઈશ્વરી પણ હોવી જોઈએ, કેમકે નરને નારી હોય છે.માટે બધા દેવાને પરણાવ વામાં આવ્યા. શંકર પાર્વતી સાથે પરણ્યા. વિષ્ણુએ નારાયણ નામધારણ કરી લક્ષ્મીને પત્નીબનાવ્યાં રામ અને કૃષ્ણએ તે પાછળના દેવા.એમને તે વિધિ સર માનવની જેમ જ પરણાવવા માં આવ્યા.પછી મનુષ્યોએવિચાર કર્યો કે પુત્રહીન માનવદેહઅભાગી ગણાય છે, તેની મુક્તિ ગતિ હોતી નથી.માટે બધાય ઈશ્વતોને બે બે પુત્ર આપ્યા એક પુત્રી રહી લક્ષ્મી દેવી.નારાયણનો વંશ આગળ વધ્યો નહિ.ઈશ્વર એટલે રાજા. રાજાઓના ગુણગાન થયાં કરે છે. ત્યારે ઈશ્વરના પણ ગુણણાન થવાં જોઈએ. કયા ગુણાનું ગાન ? ઉપાસકો અહીં મુંઝાયા. પણ જેમ તેમ ગાડુ ચલાવ્યું. એટલામાં જ રાજા દશરથને ત્યાં રામનો જન્મ થયો. રામ હતા રાજકુમાર. એમનામાં નખથી શિખા સુધી મનુષ્યએ પોતાના ગુણો, પેતાના ધર્માંભર્યાં. રામ જ્યારે ઈશ્વર બન્યા ત્યારે રાજકુમાર રામની બધી બાળ લીલાઓ, યૌવનની લીલાએ તેમની સાથે જોડાઈ ગઈ. ગુણગાન માટે સુંદર સાધન મળ્યું. આ ઈશ્વર માનવજાતિને અનુકૂળ પડયો,બાળકો સાથે રમત, શિકાર ક્ષત્રિયાચિત વીરત્વ, લગ્ન, વૈવાહિક જીવન, રાજગાદીની તૈયારી અને તેના ત્યાગ, સપત્નીક અને સક વનવાસ,શત્રુ સાથે યુદ્ધ, હારવું, જીતવું, મૂર્છા, ચેતના, હર્ષ, શેક, રોદન, પશ્ચાત્તાપ એ બધા માનવા ચિત ધર્મોના રામ ભગવાનમાં સાક્ષાત્કાર થયા. માટે રામ એ સૌ કરતાં ઉત્તમ શ્ર્વર મનાયા. વિષ્ણુનું નામ લગભગ ભુંસાઇ ગયું. વિષ્ણુ વિષ્ણુ મેલીને નામસ્મરણ ગયું (કેવળ દૈનિક સંકલ્પમાં જ રહ્યું) અને તેના સ્થાને રામરામ, એમ જપવાની પ્રથા આવી. રામે સર્વપ્રિય ઈશ્વર અને તે જ ભગવાન.પણ ભગવાન્ નામ પાછળથી આવ્યું. તેના ઈતિહાસ આગલા પ્રકરણમાં વાંચજો. દ્વાપરમાં કૃષ્ણે આવ્યા. વ્યાસજીએ તેમને પણ ઈશ્વર-પદ આપ્યું. એ શ્વએ રામ કરતાં વધુ તેજસ્વી બનાવવાને પ્રયત્ન થયા અને કદાચ તે ચત્ન સકળ પણ થયા. રામને લોકોએ રડાવ્યા, હસાવ્યા, વનવાસી બનાવ્યા, તેમની પત્નીનું હરણ પણ કરાવ્યું, રાવણને મારવાથી લાગેલાં બ્રહ્મ હત્યાનાં પાપમાંથી છૂટવા પ્રાયશ્ચિત પણ કરાવ્યું; રામને રાજા બનાવ્યા અને શ્રી સીતા ભગવતીનો ત્યાગ કરાવીને તેમને આખું જીવન રડાવ્યા. કૃષ્ણ માટે એવું કશું બન્યું નહિ. કૃષ્ણના ઈતિહાસમાં રડવા જેવી કોઈ વસ્તુ નથી. એમને પત્નીએ તો પાર વગરની પણ એમનું કાઇ હરણ કરે, એવું સાહસ કાઈમાં હતું નહિ. કૃષ્ણનું વ્યક્તિત્વ ખૂબ જ પ્રભાવ શાળી અને પ્રતિભા પૂર્ણ હતું. કૃષ્ણને રાજા થવાની ભૂખ ન હતી. તે બીજાને રાજ્ય અપાવી સુખી રહેનારા હતા. તેમનું જીવન પરોપકાર -પરાયણ હતું. કૃષ્ણનું જીવન રામ કરતાં વધુ યશસ્વી દેખાય છે. ભગવદ ગીતાએ કૃષ્ણને અમર બનાવી દીધા.કૃષ્ણનું તત્ત્વ જ્ઞાન અલૌકિક હતું.વાચક ચાહક મિત્રો જય માતાજી સુપ્રભાત,પૃથ્વીલોક પર જીવસૃષ્ટિ અને મનુષ્યઅવતાર પછી ભારત ભૂમિ પર ઈશ્વર ભગવાનનું આગમન ક્યારે અને કેવી રીતે થયું તે બાબતે થોડું જાણ્યું જે તમારી સમક્ષ રજુ કર્યું.. આમ, જ્યારે જ્યારે પૃથ્વી લોક પર માનવીય અત્યાચાર વધ્યો તેને નાથવા ઈશ્વરીય અવતાર ધારણ કરી ભગવાન આવ્યા છે.ભૂલચૂક સુધારી ને સમજવા પ્રયત્ન કરવો. અસ્તુ,

### કાર્યક્રમ ૨૫ ન્યૂયોર્ક ખાતે યોજવામાં આવશે

# વીર દાસ ઇન્ટરનેશનલ એમિ એવોર્ડ્ઝનું સંચાલન કરનાર પહેલો ભારતીય એક્ટર

એક્ટર અને સ્ટેન્ડ અપ કૉમેડીઅન વીર દાસ હાલ ખૂબ ઉત્સાહી છે, કારણ કે તે ૨૫ નવેમ્બરે ન્યૂયોર્ક ખાતે યોજાનારા એમિ એવોર્ડ્ઝનું સંચાલન કરનારો પહેલો ભારતીય હશે. તાજેતરમાં જ વીર દાસ 'કૉલ મી બૅ'માં જોવા મળ્યો છે, જેમાં તેના એક સેન્સેશનલ જર્નાલિસ્ટના રોલને પણ વખાણવામાં આવ્યો છે. ત્યારે હવે તેણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર આ ન્યૂઝ શેર કર્યા હતાં. આ પોસ્ટમાં વીર દાસે પહેલાં બે ફોટો શેર કર્યા હતાં જેમાં એક ન્યુઝ પીસની સાથે 'હોસ્ટ વીર દાસ'લખેલી એક તસવીર પણ શેર કરી હતી. વીરદાસ આ પ્રતિષ્ઠિત એવોર્ડને હોસ્ટ કરનાર પહેલો ભારતીય બની ગયો છે. આ પોસ્ટમાં તેણે લખ્યું,''તમારા સહકારને કારણે, એક ભારતીય એમિનો સંચાલક(ભારતના ઝંડા અને હાથ જોડેલા ઈમોજી). આ વર્ષે એમિનું સંચાલન કરવા માટે હું ઉત્સુક છું. ક્રેઝી. મારી પસંદગી કરવા માટે આપનો આભાર. અતિ ગૌરવાન્વિત અને ઉત્સુક!'' આ પોસ્ટ પર ફિલ્મ ઈન્ડસ્ટ્રીના તેના હિતિક રોશન, ક્રિતિ સેનન, બિપાશા બાસુ, શેફાલી શાહ, પ્રોડ્યુસર ગુનીત મોંગા, સુમોના




ચક્રવર્તી અને અન્ય ઘણા મિત્રોએ તેની આ સિદ્ધિ બદલ તેના પર શુભેચ્છાઓનો વરસાદ કરી દીધો હતો. વીરે પોતાની ખુશી વ્યક્ત કરતાં જણાવેલું,''ઈન્ટરનેશનલ એમિઝનું સંચાલન કરવા માટે હું ખૂબ ખુશ છું. દુનિયાભરના શ્રેષ્ઠ ફિલ્મ મેકર્સ આ પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં એક મંચ પર આવે છે. આ જીવન બદલી નાખે એવી ઘટનાનો મને રૂબરૂ સાક્ષી બનવાની તક મળશે.'' જો વીર દાસનો એમિઝ સાથેનો ઈતિહાસ જોવામાં આવે તો તે પહેલી વખત ૨૦૨૧માં તેના શો 'વીર દાસઃ ફોર ઈન્ડિયા' માટે નોમિનેટ થયો હતો. જ્યારે ૨૦૨૩માં નેટફ્લિક્સના શો માટે તેને એવોર્ડ મળ્યો હતો. હાલ તે સ્ટેન્ડ અપ કૉમેડીની ઈન્ટરનેશનલ 'માઈન્ડફૂલ ટુર' કરી રહ્યો છે.

### તેણીએ એમ પણ કહ્યું કે જો તેઓ શરમ અનુભવતા નથી

# આખરે જયા બચ્ચન પાપારાઝીના પર પાગલ હોવા પાછળનું કારણ બહાર આવ્યું

બોલિવૂડની દિગ્ગજ અભિનેત્રી જયા બચ્ચન ઘણીવાર પાપારાઝીઓથી નારાજ થઈ જાય છે અને તેના હતાશ અને પાગલ થવાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે. તાજેતરમાં, પાપારાઝો માનવ મંગલાનીએ ખુલાસો કર્યો કે શા માટે જયા બચ્ચને તેની શાંતિ ગુમાવી દીધી અને પેપ્સ સાથે આવી રીતે પ્રતિક્રિયા આપી. અલીના ડિસેક્ટ્સ સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં માનવે કહ્યું હતું કે જયા મીડિયા સેવી નથી અને તે આટલા મીડિયાની આદત નથી. તેણે કહ્યું કે તેના દિવસો દરમિયાન, ભાગ્યે જ થોડા લોકો હતા, જેઓ આ બધું ખૂબ નરમાશથી કરશે. તેમણે કહ્યું કે આજકાલ મીડિયામાં મોટા પાયે વધારો થયો છે. જો કે તેણે કહ્યું કે જ્યારે તેઓ પ્રેસ કોન્ફરન્સ અથવા ફિલ્મ પ્રીમિયરમાં હોય ત્યારે તેણીને પેપ્સનો વાંધો નથી પરંતુ, જ્યારે પેપ્સ તેણીના રક્ષકને જોવે છે અને આઘાત પામે છે ત્યારે તેને ધિક્કારે છે. માનવે કહ્યું કે જયા કહે છે, 'અહીં આટલા બધા લોકો કેવી રીતે ભેગા થયા, અમે ડિનર માટે જ બહાર હતા.' તેણે કહ્યું કે તેણીને પેપ્સ સાથે તેની મજા આવે છે કારણ કે તેણી તેમને ખૂણા સૂચવે છે. તેણે કહ્યું કે જયા બચ્ચન કહે છે 'યે ખાસ કહા ફોટો લે રહે હો, ઈસ કોણ સે લો'. તેણે કહ્યું કે જયા બચ્ચનનો પોતાનો ફંડા છે. જયા બચ્ચન ઘણીવાર તેમની પુત્રી શ્વેતા બચ્ચન અને પુત્ર અભિષેક બચ્ચન સાથે જોવા મળે છે. વોટ ધ હેલ નવ્યા પોડકાસ્ટ પર, જયા બચ્ચને પાપારાઝી સંસ્કૃતિ વિશે વાત કરી અને તેણીનું કારણ જણાવ્યું કે તેણી ગોપનીયતાના આક્રમણને કેમ નફરત કરે છે. તેણીએ કહ્યું કે તે એવા લોકોને ધિક્કારે છે જેઓ તેમના અંગત જીવનમાં દખલ કરે છે અને તે ઉત્પાદનો વેચીને પોતાનું પેટ ભરે છે. તેણીએ એમ પણ કહ્યું કે તે તેને નફરત કરે છે અને આવા લોકોથી નારાજ છે. તેણીએ એમ પણ કહ્યું કે જો તેઓ શરમ અનુભવતા નથી તો તે તેમને કહેતી રહે છે. તે છેલ્લે કરણ જોહરની ફિલ્મ રોકી ઔર રાની કી પ્રેમ કહાનીમાં જોવા મળી હતી જેમાં ધર્મેન્દ્ર, શબાના આઝમી, આલિયા ભટ્ટ અને રણવીર સિંહ મુખ્ય ભૂમિકામાં હતા.



### શું ૨૦૨૬ માં બોક્સ ઓફિસનો એપિક શોડાઉન છે?

# શાહરૂખ ખાન અને રણબીર કપૂરની વર્ષ ૨૦૦૭ પછી વર્ષ ૨૦૨૬માં ટક્કર

શાહરૂખ ખાન અને રણબીર કપૂર બંનેના ઉત્તેજક પ્રોજેક્ટ્સ આવી રહ્યા છે. ૨૦૨૩ માં, તે તેમની ફિલ્મો હતી જેણે બોક્સ ઓફિસ પર ખૂબ સારી કમાણી કરી હતી. SRK એ પઠાણ, જવાન, અને ડંકી સાથે દિલો પર રાજ કર્યું , અને RK એ એનિમલ સાથે બોક્સ ઓફિસ પર ધમાકેદાર કમબેક કર્યું . જો કે, તેની રોમેન્ટિક કોમેડી તુ જૂઠી મેં મક્કાએ અપેક્ષા મુજબ કમાણી કરી ન હતી. તેમ છતાં, તેમને મૂવીઝમાં જોવું એ પ્રેક્ષકોને આનંદની વસ્તુ છે અને ચાહકો તેમને અદ્ભુત સંખ્યાઓ સાથે બોક્સ ઓફિસ પર ફરીથી આગ લગાડતા જોવા માટે રાહ જોઈ શકતા નથી. પરંતુ શું જો અમે તમને કહીએ કે ૨૦૨૬ માં, અમે શાહરૂખ ખાન અને રણબીર કપૂરને બોક્સ ઓફિસ પર મોટી ટક્કર જોઈ શકીએ ? હા, તમે તે બરાબર વાંચ્યું છે! મનોરંજન સમાચાર અહેવાલો અનુસાર, SRK અને RK માર્ચ ૨૦૨૬માં તેમની ફિલ્મો કિંગ અને લવ એન્ડ વોર સાથે સિનેમામાં મોટો શોડાઉન હોઈ શકે છે. ૨૦૦૭ પછી ઓમ શાંતિ ઓમ અને સાંવરિયા સાથે આ બીજી વખત ટકરાશે, પિંકવિલા દ્વારા અહેવાલ મુજબ, સંજય લીલા ભણસાલી દ્વારા દિગ્દર્શિત રણબીરની લવ એન્ડ વોર, ૨૦ માર્ચ, ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની છે. તારીખો સાથે મેળ ખાતા તહેવારો રમઝાન, રામ નવમી અને ગુડી પડવા છે. હવે, નવીનતમ અપડેટ એ છે કે સુજોય ઘોષ સાથેની શાહરૂખની કિંગ ૧૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ રિલીઝ થશે. શાહરૂખ ખાન વિ. રણબીર કપૂરની એપિક બોક્સ ઓફિસ અથડામણ વિશે, એક સ્ત્રોતે પોર્ટલને જણાવ્યું હતું કે, ''કિંગ જેવી ફિલ્મ ૨૦૨૬ની ઈદ માટે યોગ્ય છે અને તે જ શાહરૂખ ખાન અને સિદ્ધાર્થ આનંદનું લક્ષ્ય છે. તે થોડો સમય થઈ ગયો છે.



# રામ કપૂરને ટીવીમાં કામ કરવાની ઇચ્છા નથી

એક સમય હતો, જ્યારે ટીવી જોતાં લોકોના ઘરમાં રામ કપૂર એક જાણીતું નામ હતું. ખાસ કરીને સાક્ષી તંવર સાથેની સિરીયલ 'બડે અચ્છે લગતેં હૈં' તેમજ 'કસમ સે'. હવે રામ કપૂર મોટા ભાગે ફિલ્મો અને ઓટીટીમાં વિવિધ પ્રકારના રોલમાં જોવા મળે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે ટીવી પર પાછા ફરવાના પ્લાન અને ઓટીટી પ્રોજેક્ટ વિશે વાત કરી હતી. બહુ જલ્દી રામ કપૂર સિદ્ધાંત ચતુર્વેદીની ફિલ્મ 'યુધરા'માં જોવા મળશે. ટીવી પર પાછા ફરવાના પ્લાન વિશે રામ કપૂરે જણાવ્યું,''હાલ, તો કોઈ જ પ્લાન નથી. કારણ કે તમે નસીબદાર હોય, જેમ કે હું હતો, તો જ તમે એવા સફળ ટીવી શો કરી શકો જે દરેક શો લગભગ ત્રણ કે ચાર વર્ષ ચાલે. અને જો તમારે ટીવી પર આવો સફળ શો કરવો હોય તો તમારે ત્રણથી ચાર વર્ષ સુધી એક જ પાત્ર ભજવતા રહેવું પડે.'' રામે આગળ જણાવ્યું,''પરંતુ હાલ, મને ફિલ્મ્સ અને ઓટીટી પર એક સારા અને મજબૂત કલાકાર તરીકે સ્વીકૃતિ મળી ગઈ છે, તેથી મને દર વર્ષે ઘણા અલગ પ્રકારના રોલ કરવા મળે છે. મને બધાં એવા પ્રોજેક્ટ મળે છે જે એકબીજાથી ઘણા અલગ છે. તેથી હાલ મને વર્ષો સુધી એકના એક રોલ કરવાનું અઘરું લાગે છે, તેની હું કલ્પના પણ કરી શકું તેમ નથી. હું જે કરું છું તેમાં મને બહુ મજા આવે છે.'' રામ કપૂર અત્યાર સુધીમાં 'કાર્તિક કૉલિંગ કાર્તિક', 'એજન્ટ વિનોદ', 'સ્ટુડન્ટ ઓફ ધ યર' અને 'ઉડાન' જેવી ફિલ્મો કરી ચૂક્યા છે. હવે તે એક્શન ફિલ્મ 'યુધરા'માં જોવા મળશે. જેમાં સિદ્ધાંત ચતુર્વેદી ઉપરાંત માલવિકા મોહનન અને રાઘવ જુયાલ પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મ ૨૦ સપ્ટેમ્બરે રિલીઝ થશે.



### આ મ્યુઝિકલ લવ સ્ટોરીનું શૂટ ઉત્તરાખંડમાં થશે

# ભણસાલીની સિદ્ધાંત અને મૃણાલ સાથેની ફિલ્મનું નામ 'તુમ હી હો'

સિદ્ધાંત ચતુર્વેદી અને મૃણાલ ઠાકુર પહેલી વખત સંજય લીલા ભણસાલીની ફિલ્મમાં એકસાથે કામ કરતાં જોવા મળશે. આ એક મ્યુઝિકલ લવ સ્ટોરી છે, જેનું નામ હવે નક્કી થઈ ગયું છે. ફિલ્મ સાથે જોડાયેલા નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર,''આ ફિલ્મ એક લવસ્ટોરી છે અને મેકર્સ દ્વારા તેને 'તુમ હી હો' નામ આપવામાં આવ્યું છે. ૨૦૧૩ની જાણીતી લવ સ્ટોરી ફિલ્મ 'આશિકી ૨' પરથી આ નામ લેવામાં આવ્યું છે.'' સૂત્ર દ્વારા આગળ જણાવવામાં આવ્યું, ''ફિલ્મની ટીમ સપ્ટેમ્બરના એન્ડમાં ઉત્તરાખંડ જઈ રહી છે અને ઓક્ટોબરમાં આગામી શીડ્યુલ માટે ત્યાં જ રોકાશે. સિદ્ધાંત અને મૃણાલ પણ બાકીના કલાકારો સાથે ત્યાં પહોંચશે.'' આ ફિલ્મ રવિ ઉદ્યાવર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી રહી છે અને મે મહિનાથી તેનું શૂટ શરૂ થયું છે. આ ફિલ્મમાં સિદ્ધાંત અને મૃણાલ બંને સંગીતકારોની ભૂમિકામાં જોવા મળશે. તે બંનેની એક ઉતકૃષ્ટ ગીતો ધરાવતી કન્ટેમ્પરરી લવ સ્ટોરી હશે. સિદ્ધાંત હાલ તેની આગામી ફિલ્મ 'યોધરા'ના પ્રમોશનમાં વ્યસ્ત છે, ત્યાર બાદ તે 'ધડક ૨'નું કામ પૂરું કરશે. તેમાં તે તૃપ્તિ ડિમરી સાથે કામ કરી રહ્યો છે, આ ફિલ્મ આ વર્ષના અંતે રિલીઝ થશે. જ્યારે મૃણાલ અજય દેવગન સાથે 'સન ઓફ સરદાર' અને ડેવિડ ધવન તેમજ વરુણ ધવનની ફિલ્મમાં કામ કરી રહી છે.




# શાહીદ-વિશાલ ભારદ્વાજ ફરી સાથે કામ કરશે

### શાહીદ કપૂર અને વિશાલ ભારદ્વાજ ફરી એક વખત સાથે કામ કરવા જઈ રહ્યા છે

શાહીદ કપૂર અને વિશાલ ભારદ્વાજ ફરી એક વખત સાથે કામ કરવા જઈ રહ્યા છે. આ ફિલ્મ સાજિદ નડિયાદવાલા પ્રોડ્યુસ કરશે. તેમાં તૃપ્તિ ડિમરી પણ મુખ્ય રોલમાં જોવા મળશે, જે શાહીદ સાથે પહેલી વખત કામ કરતી જોવા મળશે. શાહીદ પણ આ પ્રોજેક્ટ અંગે ખુબ ઉત્સુક છે. શુક્રવારે શાહીદ કપૂરે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું હતું,''આ ફિલ્મ માટે ખૂબ ઉત્સુક છું, મારાથી આ ફિલ્મનું કામ શરૂ કરવાની રાહ નથી જોવાતી.. વિશાલ ભારદ્વાજ, સાજિદ નડિયાદવાલા, તૃપ્તિ ડિમરી.'' સાજિદ નડિયાદવાલાએ પણ ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર જાહેરાત કરી હતી. તેણે લખ્યું હતું,''હું જિનિયસ ડિરેક્ટર અને મારા મિત્ર વિશાલ ભારદ્વાજ અને અદ્દભુત પાવરહાઉસ શાહીદ કપૂર સાથે જોડાઈને અતિ ઉત્સુક છું. સાથે જ એનર્જીઈ પરિવારમાં તૃપ્તિ ડિમરીને આવકારતા પણ અતિ આનંદીત છું.'' આ પહેલા શાહીદ અને વિશાલ ભારદ્વાજ 'કમીને', 'હૈદર' અને 'રંગૂન' જેવી ફિલ્મો કરી ચૂક્યા છે. જે ઈન્ટેન્સ અને કોમ્પ્લેક્સ હોવા છતાં તેના ભરપુર વખાણ થયા છે. આ જાહેરાતથી આ જોડીના ફૅન્સ પણ ઉત્સાહમાં આવી ગયા છે. તેમણે ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર શાહીદ અને સાજીદની પોસ્ટને વધાવી લીધી છે. છેલ્લે શાહીદે ક્રિતિ સેનન સાથે 'તેરી બાતોં મેં ઐસા ઉલજા જિયા' ફિલ્મ કરી હતી, જેમાં તેણે એક રોબૉ સાયન્ટિસ્ટનો રોલ કર્યો હતો. આ ફિલ્મ પણ ઘણી સારી ચાલી હતી. જ્યારે તૃપ્તિએ છેલ્લે વિકી કૌશલ અને એમિ વિર્ક સાથે 'બૅડ ન્યૂઝ' ફિલ્મ કરી છે. હાલ તે કાર્તિક આર્યન અને વિદ્યા બાલન સાથે 'ભુલભુલૈયા ૩'માં કામ કરી રહી છે. આ ફિલ્મ ૧ નવેમ્બરે રિલીઝ થશે. એ ઉપરાંત તૃપ્તિની રાજકુમાર રાવ સાથેની ફિલ્મ 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો' પણ ટૂંક સમયમાં આવી રહી છે.





# શોભિતા ધુલીપાલાની 'લવ, સિતારા'નું ટ્રેલર લોંચ

### અમારી સમગ્ર કાસ્ટ અને કલાકારોને જે રીતે આ વાર્તા સ્પર્શી ગઈ તે રીતે દર્શકોને પણ ગમશે તેવી આશા છે

શોભિતા ધુલીપાલા ફરી એક વખત ઓટીટી પર જોવા મળશે, તેની આવનારી ફેમિલી ડ્રામા ફિલ્મ 'લવ, સિતારા'નું ટ્રેલર ગુરુવારે લોંચ થઈ ચૂક્યું છે. આ ફિલ્મમાં શોભિતા એક નોનગ્લેમર રોલમાં જોવા મળશે. જેમાં તે એક કેરાલાની છોકરીના રોલમાં છે, જે એક પંજાબી શેફના પ્રેમમાં પડે છે. જેઓ લગ્ન કરવાનો નિર્ણય લે છે, પરંતુ બંનેના પરિવારોની અલગ સંસ્કૃતિ અને રહેણી કરણીના કારણે તેમની ડિસફંક્શનલ ફેમિલી નવા નવા પ્રશ્નો ઊભા કરે છે, અને તેની શાંતિ છીનવાઈ જાય છે.

ટ્રેલર પરથી અંદાજ આવે છે કે તારા એટલે કે શોભિતા એક સ્વતંત્રપણે જીવવામાં માનતી ઈન્ટેરીઅર ડિઝાઈનરના રોલમાં છે, જેને ક્યારેય લગ્ન કરવા નહોતા. તે અર્જૂન એટલે કે રાજીવને મળે છે, જે એક શેફ છે અને આંતરરાષ્ટ્રિય સ્તરે સફળ થવા માગે છે. એક અનિશ્ચિત પરિસ્થિતિમા તેમની સામે લગ્નનો પ્રસ્તાવ આવે છે. તારાના ઘરમાં લગ્નની તૈયારીઓ શરૂ થઈ જાય છે, તેની સાથે ધીરે ધીરે પરિવારના વર્ષોથી ધરબાયેલાં રહસ્યો પણ બહાર આવતા થાય છે. તેના પિતાને કોઈ સાથે અફેર હોવાનું તેની માતા જાણતા હોવા છતાં મૌન હોવાની તેને જાણ થાય છે. ત્યારે તેને પોતાના લગ્ન વિશે પણ ડર લાગવા માંડે છે. આમ આ ફિલ્મમાં મોડર્ન રિલેશનશીપના પડકારો, પરિવારની અપેક્ષાઓનો ભાર અને કડવા સત્યનો સામનો કરવાની હિંમત જેવી બાબતો સ્ટોરીમાં વણી લેવાઈ છે. આ રોલ વિશે શોભિતાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું,''મને આ રોલ કરવાનું મન એટલા માટે થયું કે તેમાં પોતાની શરતોને છોડીને કોઈ પણ સ્થિતિમાં ઈમાનદાર થવાની, હિંમત છે. તે દિલથી પોતાના પરિવારને ચાહે છે અને છતાં પોતે જે માને છે તેના માટે ખડી પણ થાય છે, ભલે તે સહેલું ન હોય તો પણ. તારાની ડિગ્નિટી તેમજ વાસ્તવિકતા સાથે કોઈ પણ સ્ત્રી પોતાની જાતને જોડી શકશે.

અમે કોવિડ લોકડાઉન દરમિયાન આ ફિલ્મનું શૂટ કેરાલામાં કર્યું હતું, ત્યારે અમારી સામે પણ ઘણા પડકારો હતા. અમારી સમગ્ર કાસ્ટ અને કલાકારોને જે રીતે આ વાર્તા સ્પર્શી ગઈ તે રીતે દર્શકોને પણ ગમશે તેવી આશા છે.'' અમારી સમગ્ર કાસ્ટ અને કલાકારોને જે રીતે આ વાર્તા સ્પર્શી ગઈ તે રીતે દર્શકોને પણ ગમશે તેવી આશા છે શોભિતા ધુલીપાલાની 'લવ, સિતારા'નું ટ્રેલર લોંચ, આ ફિલ્મમાં સોનાલી કુલકર્ણી, બી જયશ્રી, વર્જિનિયા રોડ્રીગ્ઝ, સંજય ભુતિયાણી, તમારા ડિસોઝા, રિજુલ રાય જેવા કલાકારો પણ છે, આ ફિલ્મ ૨૭ સપ્ટેમ્બરથી ઝીપ પર સ્ટ્રીમ થશે.



### અનિરુદ્ધ રવિચંદરે તેનું સંગીત આપ્યું છે

# સેન્સર બોર્ડે 'દેવરા'માં ચાર સીનમાં કટ કરવા સૂચવ્યા છે


ટોલિવુડ સ્ટાર જુનિયર એનટીઆરની પૅન ઈન્ડિયા રિલીઝ એક્શન ડ્રામા ફિલ્મ 'દેવરા'ની તેના તેમજ જ્હાન્વીના ફૅન્સ લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે. સિવાએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મ હવે રિલીઝ થવાની તૈયારીમાં છે, ત્યારે તેના ટ્રેલરને પણ ઘણો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તાજેતરમાં જ સેન્સર બોર્ડ દ્વારા આ ફિલ્મને યૂએ સર્ટિફિકેટ મળ્યું છે અને તેની સેન્સરની પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ચૂકી છે. સેન્સર બોર્ડના રિપોર્ટ મુજબ સીબીએફસીએ ફિલ્મ માટે ચાર કટ સૂચવ્યા છે. તેમાંથી ત્રણ કટ વધુ પડતાં હિંસક દશ્યો માટે છે, તેમજ એક કટ શાર્કના સીન માટે સીજીઆઈ માર્ક ઉમેરવાનો છે. સેન્સર બોર્ડના સૂચનો મુજબ, એક વ્યક્તિ તેની પત્નીને લાત મારે છે, એક તલવાર પર માણસનું શરીર લટકાય છે, તેમજ એક દિકરો તેની માને લાત મારે છે તે દશ્યોમાં તેની અસર ઓછી ન થાય એ મુજબ થોડાં ફેરફાર કરાયા છે. આ સુધારા પછી ફિલ્મ ૧૭૭ મિનિટ અને ૫૮ સેકન્ડની થઈ ગઈ છે. જુનિયર એનટીઆર સાથે જ્હાન્વી લીડ રોલમાં હોવાની સાથે સૈફ પણ આ ફિલ્મમાં મુખ્ય વિલનના રોલમાં હશે, આ બંનેની આ સાઉથમાં ડેબ્યુ ફિલ્મ છે. આ એક મોટા બજેટની ફિલ્મ માનવામાં આવે છે, જે નંદામુરી કલ્યાણ રામ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે અને અનિરુદ્ધ રવિચંદરે તેનું સંગીત આપ્યું છે.



# મૂર્તિ વિસર્જન દરમિયાન માર્યા ગયેલાઓને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

। અમદાવાદ, તા.૧૪ ।

ગત દિવસોમાં પ્રાપ્ત માહિતી અનુસાર ઠેરઠેર ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવેલ. પાટણ નજીક સરસ્વતી નદીના પ્રવાહમાં ચાર લોકોનાં ડૂબી જતાં મોત નિપજયા હતા. એક અન્ય ઘટનામાં ગઈકાલે ગાંધીનગર ખાતે દેહગામમાં મેશ્વો નદીના પ્રવાહમાં ૧૦ લોકો ડૂબી ગયા હતા જે પૈકી ૮ ના મરુતદેહો મેળવવામાં આવ્યા છે અને બેની શોધખોળ કરવામાં આવી રહી છે.



મૂર્તિ વિસર્જન દરમિયાન પાણીમાં ડૂબી જતાં કુલ મળીને ૧૪ લોકોનાં મોત નિપજયા છે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના પરિવારજનોને દિલસોજી પાઠવી છે અને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૨,૧૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. કલોલમાં રહેતા રામકથાના શ્રોતાઓ દ્વારા આ સહાયતા રાશિ પહોંચાડવામાં આવશે. પૂજ્ય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે.

# ઝાલોદ નગરમાં ગીતા મંદિરેથી ડોલ ગ્યારસ નિમિતે અગ્રવાલ સમાજ દ્વારા શોભાયાત્રા કાઢવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

ડોલ ગ્યારસ નિમિતે આજરોજ સાંજે ૫ વાગે ગીતામંદિરે થી ભગવાન કૃષ્ણની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. પૌરાણિક કથા મુજબ કૃષ્ણ ભગવાનના ૧૮ દિવસ પછી જળવા પૂજન કરવામાં આવ્યું હતું તેથી આજના આ શુભ અવસરે અગ્રવાલ સમાજ દ્વારા દર વર્ષે ગીતા મંદિરે થી ભગવાન કૃષ્ણની શોભાયાત્રા નગરના રાજમાર્ગો પર કાઢવામાં આવે છે. ગીતા મંદિરે આવેલ તમામ મહિલાઓએ કૃષ્ણ ભગવાનની નજર ઊતારી હતી અને ભગવાન કૃષ્ણના આશીર્વાદ લીધા હતા. શોભાયાત્રા નગરમાં ભક્તિભાવ ભર્યા વાતાવરણ વચ્ચે નીકળી હતી. આ શોભાયાત્રા છેલ્લે રામસાગર તળાવે પહોંચતા ત્યાં આરતી પૂજા કરી પૂર્ણ કરવામાં આવી હતી. આજની આ શોભાયાત્રામાં મોટાં પ્રમાણમાં અગ્રવાલ સમાજની મહિલાઓ જોડાઈ હતી અને ભગવાન કૃષ્ણની જલવા પૂજનમા હાજર રહેવાનો ગર્વ અનુભવ્યો હતો. સાક્ષાત ભગવાન કૃષ્ણની શોભાયાત્રા આખાં રસ્તે ધાર્મિક ભજનની સાથે નગરમાં ફરી હતી.

# વલસાડ તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં કુપોષિત બાળકોને ખજૂર, ફળ અને ચિક્કીનું વિતરણ કરાયું

## "પૌષ્ટિક અને સમતોલ આહાર, શરીરને આપે તંદુરસ્તી અપાર" નાં સૂત્ર સાથે સ્વસ્થ જીવનમાં પૌષ્ટિક આહારનું મહત્વ સમજાવાયું

। (માહિતી) વલસાડ, તા.૧૪ ।

સાતમા "રાષ્ટ્રીય પોષણ માહ" ની ઉજવણી અંતર્ગત સપ્ટેમ્બર- ૨૦૨૪માં દર વર્ષની જેમ આ વર્ષે પણ વલસાડ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો પર ઉજવણી કરવામાં આવી રહી છે. પોષણ માહ- ૨૦૨૪ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં અતિ કુપોષિત બાળકોના કુપોષણને દૂર કરવા માટે આઈ. સી.ડી.એસ શાખામાં વલસાડ તાલુકાના વલસાડ ઘટક- ૩માં પારડી પારનેરા- ૫ બંગલી ફળિયાના આંગણવાડી કેન્દ્રમાં કુપોષિત બાળક અને અતિકુપ ોષિત બાળકોને દાતાશ્રી તરફથી ખજૂર અને સીંગદાણા ચિક્કીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મગોદ ડુંગરી- ૨ નારીછેડા ફળિયાના આંગણવાડી કેન્દ્રમાં પણ દાતાશ્રી તરફથી બાળકોને પ્રોત્સાહિત કરવા ફળ અને ખજૂર વિતરણ કરવામાં આવ્યા હતા સાથે "પૌષ્ટિક અને સમતોલ આહાર, શરીરને આપે તંદુરસ્તી અપાર" નાં સૂત્ર સાથે સ્વસ્થ જીવનનો આધાર પૌષ્ટિક આહાર વિષે માહિતગાર કરતા ચોપાનીયાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આમ, ઘટકમાં એક બાજુ કુપોષણ પર ધ્યાન કેન્દ્રિત રાખવામાં આવે છે જ્યારે બીજી તરફ તંદુરસ્ત બાળકોને પ્રોત્સાહન પણ કરવામાં આવે છે. આ સાથે સગર્ભા માતાઓને





માતૃશક્તિનો ઉપયોગ, નિયમિત રસીકરણ અને ૬ માસ સુધી ફક્ત સ્તનપાન અને સગર્ભાવસ્થા દરમિયાન રાખવાની થતી કાળજી વિશે સમજ આપવામાં આવી હતી. પોષણ માસનું કેન્દ્રબિંદુ પોષણ આધારિત સંવેદના માટે માનવ જીવનચક્રના મુખ્ય તબક્કાઓ એટલે કે ગર્ભાવસ્થા, બાલ્યાવસ્થા, બાળપણ અને કિશોરાવસ્થા વિશે જાગૃતિ લાવવાનો છે.

# ધી માંડવી એજયુકેશન સોયાયટી ટેકનિકલ કેમ્પસ ખાતે રૂ.૪૪.૯૫ લાખના ખર્ચે નવનિર્મિત સ્ટડી સેન્ટર અને સેમિનાર હોલનું લોકાર્પણ કરતા રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ



। (માહિતી) ગાંધીનગર, તા.૧૪ ।

માંડવી સ્થિત ધી માંડવી એજયુકેશન સોયાયટી ટેકનિકલ કેમ્પસ ખાતે ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન દ્વારા પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ રૂ.૪૪.૯૫ લાખના ખર્ચે નવનિર્મિત સ્ટડી સેન્ટર અને સેમિનાર હોલનું સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાની ઉપસ્થિતિમાં આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સ્ટડી સેન્ટર પુસ્તકાલય, વાઈફાઈ, એસી, સીસીટીવી કેમેરા જેવી આધુનિક સુવિધાથી સજ્જ છે, તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમા ઉપયોગી લેટેસ્ટ પુસ્તકોનો ખજાનો છે. ઉપરાંત, વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાના ઓનલાઈન કોર્સ પણ અહીંથી કરી શકશે. આ પ્રસંગે આદિજાતિ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ જીવનઘડતરનું માધ્યમ છે. વિદ્યાર્થીઓએ ઉત્તમ કારકિર્દી માટે શિક્ષણને અગ્રીમતા આપવી જોઈએ. રાજ્ય સરકારની શિક્ષણને લગતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી છેવાડાના બાળકોની સુવિધામાં વધારો થાય તેવા લક્ષ્ય સાથે કાર્ય કરી રહી છે. શાળામાં નિર્મિત સ્ટડી સેન્ટર માટે સંસ્થાને અભિનંદન આપતા મંત્રીશ્રીએ બાળકો અને યુવા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે કહ્યું કે, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ઘરઆંગણે વાંચનની સુવિધા મળશે. શાળા તેમજ ઘરઆંગણે આ સ્ટડી સેન્ટરનો લાભ લઈ ઉચ્ચ શિક્ષણ કે અન્ય પરીક્ષાઓની તૈયારી કરી પોતાની ઉજ્જવળ કારકિર્દી ઘડી પરિવાર સાથે ગામ, શહેર કે રાજ્યના વિકાસમાં મહત્વનું યોગદાન આપી શકશે. આ પ્રસંગે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ કહ્યું કે, શિક્ષિત વર્ગ સાચી અને હિતલક્ષી બાબતોને સમાજના દરેક સ્તર સુધી લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. રાજ્યનું યુવાધન દરેક ક્ષેત્રે અગ્રેસર થઈ રહ્યું છે. માંડવીનું અત્યાધુનિક સ્ટડી સેન્ટર યુવા પેઢીને ઉપયોગી બનશે. માંડવી વિસ્તારમાં શૈક્ષણિક જાગૃતિ, યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય અને તમામ વર્ગના યુવાઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે યોગ્ય પ્લેફોર્મ સ્ટડી સેન્ટર થકી મળી રહેશે એમ જણાવી શ્રી વસાવાએ કેન્દ્ર અને રાજ્ય સરકારે ગરીબ અને આદિવાસી બંધુઓને કેન્દ્રમાં રાખીને અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે, જેનો બહોળો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે તા.વિકાસ અધિકારી રવિન્દ્ર સોલંકી, જિ.પંચાયતના સભ્ય રોહિત પટેલ, સમાજિક અગ્રણી સર્વશ્રી ડો.આશિષ ઉપાધ્યાય, ડો. વાસુદેવ જોખા, પ્રવિણભાઈ સહિત શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ડાંગ જિલ્લામાં યોજાનારા 'સેવા સેતુ' સહિત 'સ્વચ્છતા હી સેવા' અને 'ગરીબ કલ્યાણ મેળા' ના કાર્યક્રમો સંદર્ભે યોજાઇ ઉચ્ચસ્તરીય બેઠક

। (માહિતી) ડાંગ, તા.૧૪ ।

રાજ્ય સમસ્તની જેમ ડાંગ જિલ્લામા પણ તા.૧૭મી સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા 'સેવા સેતુ' કાર્યક્રમ સહિત 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ સંદર્ભે, જિલ્લા અધિકારીઓને ઉપયોગી માર્ગદર્શન આપતા, ડાંગ કલેક્ટર શ્રી મહેશ પટેલે, ખુબ જ અગત્યના એવા પ્રજા કલ્યાણના આ કાર્યક્રમને વધુ અસરકારક અને લોકભોગ્ય બનાવવાની સૂચના આપી હતી. વ્યાપક જન ભાગીદારી સાથે શરૂ થઈ રહેલા આ કાર્યક્રમોમા નાગરીકોની ભાગીદારી વધારવા માટેની અપીલ કરતા કલેક્ટરશ્રીએ, ખુબ જ સંવેદનશીલતા સાથે આ બાબતોને ગંભીરતા થી લઈ, કાર્યક્રમને સફળ બનાવવાની અપિલ કરી હતી. 'સેવા સેતુ' અને 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ ઉપરાંત આગામી સમયમા યોજાનાર 'ગરીબ કલ્યાણ મેળા' સંદર્ભે પણ કલેક્ટરશ્રીએ, સંબંધિત વિભગોને ઉપયોગી માર્ગદર્શન પૂરુ પાડ્યુ હતુ. ડાંગ જિલ્લાના મુખ્ય વહિવટી મથક આહવા ખાતે આવેલા જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમા, નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.ચૌધરી, પ્રાંત અધિકારી શ્રી સાગર મોવાલિયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી શિવાજી તબીયાર તથા નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલે પણ, સંબંધિત વિગતોના અધિકારીઓને ઉપયોગી માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ. કલેકટરશ્રી જિલ્લાના આ અગત્યના કાર્યક્રમો તથા ડિઝાસ્ટરને લગતી કામગીરીની આવશ્યકતા જોઈ, જરૂર પડ્યે જાહેર રજાઓ દરમિયાન પણ કચેરી ખુલ્લી રાખી કામગીરી પૂર્ણ કરવાની તાકીદ કરવા સાથે, જિલ્લા અધિકારીઓને પૂર્વ મંજૂરી વિના કાર્ય મથક નહિ છોડવાની સૂચના આપી હતી.

# સિંગર પરફોર્મર હિમાલી વ્યાસ નાયક સાથે ગરબે રમવા તૈયાર છે આખી દુનિયાના ગુજરાતીઓ

## ચાર દેશોમાં પ્રિ-નવરાત્રી સેલિબ્રેટ કર્યા પછી હિમાલી ૩ થી ૧૨ ઓક્ટોબર શહેરીજનોને ગરબે રમાડશે ત્યાર પછી કેનેડામાં પોસ્ટ નવરાત્રી સેલિબ્રેશન માટે જશે

। અમદાવાદ, તા.૧૪ ।

સિંગર પરફોર્મર હિમાલી વ્યાસ નાયકની સાથે ગરબે રમવા માત્ર અમદાવાદીઓ જ નહીં દુનિયાભરના ગુજરાતીઓ તૈયાર છે. શહેરના નવજીવનના કર્મા કેફે ખાતે તેમની પ્રિ-નવરાત્રી વર્લ્ડ ટુર અને ચિંતન નાયકે લખેલ અને રથીન મહેતાએ સ્વરબદ્ધ કરેલ 'નવખંડ ગરબો'ની લોન્ચિંગ ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં આગામી નવરાત્રીનું હિમાલી વ્યાસ નાયકનું શેડ્યુલ પણ જાહેર કરાયું છે. માત્ર અમદાવાદીઓ જ નહીં યુરોપના ચાર દેશોની પ્રિ-નવરાત્રી ટૂર દરમ્યાન પણ હિમાલી વ્યાસ નાયક દરિયાપારના ગરબા પ્રેમીઓને ગરબે રમાડશે.




૧૯ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન હિમાલી જર્મની, બેલ્જિયમ, નેધરલેન્ડ અને પોર્ટુગલના ગરબા પ્રવાસે છે. જ્યાં બે વિકેન્ડમાં તેઓ ધમાકેદાર ચાર શો કરી રહ્યાં છે. પ્રિ-નવરાત્રી સેલિબ્રેશનમાં દરિયાપારના ગુજરાતીઓને ગરબે રમાડ્યા પછી હિમાલી તરત જ પોતાના હોમટાઉન અમદાવાદ આવશે અને ૩થી ૧૨ ઓક્ટોબર દરમ્યાન અમદાવાદીઓને રાસ, ડાકલા, દોઢીયું અને દેશી ગરબાની મોજ કરાવશે. આ ગુજ્જુ ગર્લ આજે પણ ૪૫૦ ગરબા મોઢે ગાય છે અને ગરબાને ગ્લોબલ લેવલે લઈ જવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૫ અને ૨૦૧૭માં એકમાત્ર ગુજરાતી આર્ટિસ્ટ હિમાલીએ અમેરિકાનું નેશનલ એન્થમ અમેરિકાની ધરતી પર પરફોર્મ કરેલું છે. હિમાલીએ ઉસ્તાદો સાથે પરફોર્મ કર્યું છે. તેમણે કૃષ્ણ મોહન ભટ્ટ, શાન, પુરુષોત્તમ ઉપાધ્યાય, ગૌરાંગ વ્યાસ અને આશિત દેસાઈ જેવા સિનિયર કલાકારો સાથે પોતાની નિપૂણતા રજુ કરી છે. આર્ટ અને એજ્યુકેશનનું મજબૂત બેકગ્રાઉન્ડ ધરાવતા પરિવારમાંથી આવતા હિમાલીને તેના દાદા અને માતા-પિતા પાસેથી સંગીત વારસામાં મળ્યું છે.

આ અંગે વાત કરતા હિમાલી વ્યાસ નાયકે કહ્યું કે, "આપણો ગરબો ગ્લોબલ લેવલે એટલે કે ચાર દેશોમાં રજૂ કરવાની મને તક મળી છે. 'જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત'ની વાત ગરબા થકી વહેતી કરવાનો આનંદ છે. આ વર્લ્ડ ટૂર પછી નવરાત્રીમાં અમદાવાદમાં પણ ગરબાની મોજ કરાવીશ.

# કર્મચારીઓના તમામ પ્રશ્નો પ્રત્યે રાજ્ય સરકાર ગંભીરઃ તેમના પ્રશ્નોને લઈને હંમેશા હકારાત્મક વલણ ધરાવે છે : સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા

। ગાંધીનગર, તા.૧૪ ।

આજે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે રાજ્ય સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચો, ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જે રજૂઆત મંત્રીમંડળના પાંચ સભ્યોની ટીમ સમક્ષ કરવામાં હતી. તે રજૂઆતોને લઈને સરકાર હરહંમેશ હકારાત્મક સતત ચિંતિત છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, કર્મચારીઓની લાગણી માંગણીઓ સંદર્ભે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું હરહંમેશ હકારાત્મક વલણ રહ્યું છે. કર્મચારીઓ ની તમામ માંગણીઓ મુખ્યમંત્રી શ્રીના ધ્યાને મૂકવામાં આવી છે અને આગામી સપ્તાહમાં મંડળ સાથે વાટાઘાટો બાદ યોગ્ય નિર્ણય કરવા મુખ્યમંત્રીશ્રીએ પણ હકારાત્મક દિશામાં આગળની પ્રક્રિયા કરવાની સૂચના આપી છે. આવનારા સમયમાં પાંચ મંત્રીઓની ટીમ આ અંગે ચર્ચા કરશે જેમાં કેબિનેટ મંત્રી શ્રી

શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી કુબેરભાઈ ડિંડોર અને રાજ્ય મંત્રીશ્રી બચુભાઈ ખાબડ,શ્રી પ્રફુલ્લ ભાઈ પાનશેરિયા કર્મચારી મંડળના સભ્યો સાથે પ્રશ્નોની ચર્ચા કરશે.



વધુમાં મંત્રીશ્રી એ ઉમેર્યુ કે, કર્મચારીઓ ના પ્રશ્નોનો સુખદ હકારાત્મક દિશામાં વિચાર થાય તે બાબતે ફરીથી આવતા અઠવાડિયે પાંચ મંત્રીશ્રીઓની ટીમ સાથે કર્મચારી મહાસંઘ શિક્ષક સંઘ સાથે ચર્ચા કરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ખૂબ જ હકારાત્મક રીતે આ પ્રશ્નો જોઈ રહ્યા છે અને આ તમામ સંઘના પ્રશ્નોનો સુખદ અંત આવશે તેમ મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તેમણે ઉમેર્યુ કે, કર્મચારીઓના પ્રશ્નોનો આખરી નિર્ણય માટે આગામી સમયમાં કર્મચારીઓના પ્રશ્નોનો હકારાત્મક રીતે તેમજ સુખદ અંત આવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

રાજ્ય સરકારના હકારાત્મક વલણને પરિણામે કર્મચારી મંડળ દ્વારા તા.૧૭મીનો પેનડા-ઉનનો કાર્યક્રમ હાલ પૂરતો સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે.

# ગના આહવા અને વઘઈ તાલુકાની ૬૦ મહિલા પશુપાલકોએ મહુવાના સણવલ્લા સ્થિત નંદનવન ગૌશાળા અને પ્રાકૃતિક કૃષિ કેન્દ્રની મુલાકાત લીધી

। (માહિતી) ડાંગ, તા.૧૪ ।

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ચીખલી ગામની ૩૦ અને વઘઈ તાલુકાના નગડચોંડ ગામની ૩૦ મળી કુલ ૬૦ મહિલા પશુપાલકોએ આગાખાન સંસ્થા (AKRSPI) ના નેતૃત્વ હેઠળ તા.૧૧મી અને ૧૨મીએ સુરતના મહુવાના સણવલ્લા સ્થિત નંદનવન ગૌશાળા અને પ્રાકૃતિક કૃષિ કેન્દ્રની મુલાકાત લીધી હતી. મહિલા પશુપાલકોને દેશી ગાયનું મહત્વ અને તેની માવજત વિષય પર હર્ષ ભરતભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું હતું. દેશી ગાયનું ખેતીમાં મહત્વ, ગાય આધારિત પ્રાકૃત્તિક ખેતી, કૃષિ પાકનું મૂલ્યવર્ધન અંગે જિજ્ઞાશુંભાઈએ સમજ આપી હતી. સૌ મહિલાઓને ગૌશાળા અને પ્રાકૃતિક કૃષિ કેન્દ્રના કેમ્પસની ફિલ્ડ વિઝિટ પણ કરાવાઈ હતી. મહિલાઓએ પ્રાકૃતિક કૃષિનું સાર્થક મહત્વ સમજી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને અપનાવશે એવો સામૂહિક સૂર વ્યક્ત કર્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે. આ રાશિ ના લોકોએ આજે મફત સમય માં આધ્યાત્મિક પુસ્તકો નો અભ્યાસ કરવો જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો? તમારા ઉદાર સ્વભાવનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે. પ્રેમના અતિઆનંદને માણો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો. તેમને ફરિયાદ કરવાની કોઈ તક ન આપો. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. પ્રેમ જીવન ગતિશીલ હશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો રૉમેન્ટિક દિવસ બગાડી નાખશે. અણધાર્યો પ્રવાસ કેટલાક માટે દોડધામભર્યો તથા તાણયુક્ત સાબિત થઈ શકે છે

**મકર (ખ,જ) :**

આજના દિવસે ક્ષણિક આવેગમાં આવી જઈ આર્થિક બાબતોનો નિર્ણય લેશો નહીં, આવું કરવાથી તમારા બાળકોના હિતોનું નુકસાન થઈ શકે છે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે. કોઈ કાયર્યમાં માસ્ટરી હાંસલ કરનારી વ્યક્તિનું નિરીક્ષણ કરી તમે કેટલાક પાઠ સીખી શકો છો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો. તમારા પ્રેમી-પ્રેમિકા દ્વારા કરવામાં આવતી ટિપ્પણીઓ અંગે તમે ખૂબ જ સંવેદનશીલ હશો.

# પ્લાસ્ટિક કચરાનો અયોગ્ય નિકાલ કરતાં વિશ્વના ટોચના ૧૨ દેશોમાં ભારત સામેલ

**સ્વિટ્ઝર્લેન્ડની ઇએ અર્થ એક્શનના 'ધ પ્લાસ્ટિક ઓવરશૂટ ડે' અહેવાલમાં જણાવ્યા અનુસાર ૨૦૨૧થી વૈશ્વિક પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન ૭.૧૧ ટકા વધ્યું છે**



પ્લાસ્ટિક કચરો મોટી સમસ્યા છે ત્યારે વિશ્વના ૬૦ ટકા પ્લાસ્ટિક વેસ્ટના મિસમેનેજમેન્ટ માટે જવાબદાર ૧૨ દેશમાં ભારતનો સમાવેશ થાય છે. જોકે, પ્લાસ્ટિક કચરાના માથાદીઠ ઉત્પાદનની રીતે ભારત તળિયે છે. સ્વિટ્ઝર્લેન્ડની ઈએ અર્થ એક્શનના 'ધ પ્લાસ્ટિક ઓવરશૂટ ડે' અહેવાલમાં જણાવ્યા અનુસાર ૨૦૨૧થી વૈશ્વિક પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન ૭.૧૧ ટકા વધ્યું છે. ચાલુ વર્ષે ૨૨ કરોડ ટન પ્લાસ્ટિક વેસ્ટનું ઉત્પાદન થયું હોવાનો અંદાજ છે. જેમાંથી ૭ કરોડ ટન પર્યાવરણને પ્રદૂષિત કરશે. કેનેડાના ઓટાવા ખાતે યોજાનારી સંયુક્ત રાષ્ટ્રની ઈન્ટરગવર્મેન્ટલ નેગોશિએટિંગ કમિટી (આઈએનસી)ની ચોથી બેઠક અગાઉ આ અહેવાલ આવ્યો છે. બેઠકમાં વૈશ્વિક નેતાઓ પ્લાસ્ટિકના પ્રદૂષણને અટકાવવા કાયદો વિકસાવવાનો પ્રયાસ કરશે. અહેવાલમાં જણાવ્યા અનુસાર "વિશ્વના ૬૦ ટકા પ્લાસ્ટિક કચરાના મિસમેનેજમેન્ટમાં ૧૨ દેશ જવાબદાર છે. જેમાં ચીન, ભારત, રશિયા, બ્રાઝિલ, મેક્સિકો, વિયેટનામ, ઈરાન, ઈન્ડોનેશિયા, ઈજિપ્ત, પાકિસ્તાન, અમેરિકા અને તુર્કીનો સમાવેશ થાય છે." અહેવાલમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, પ્લાસ્ટિક કચરાના ઓછા માથાદીઠ ઉત્પાદન (વર્ષે માથાદીઠ ૮ કિગ્રા)માં ભારતને 'ઓછા કચરાનું ઉત્પાદન' કરતા દેશ તરીકે ગણાવાયો છે. ૨૦૨૪માં પ્લાસ્ટિક કચરાનું મિસમેનેજમેન્ટ ૭૪ લાખ ટન છે, જે ઘણું ઊંચું છે. તેમ છતાં ભારતના પ્લાસ્ટિક કચરાનું મિસમેનેજમેન્ટ ચીન કરતાં પાંચમા અને અમેરિકાની તુલનામાં ત્રીજા ભાગનું છે. અહેવાલમાં દાવો કરાયો છે કે, ભારત પર્યાવરણને ૩,૯૧,૮૭૯ ટન માઈક્રોપ્લાસ્ટિક કચરાથી પ્રદૂષિત કરશે. જ્યારે ૩૧,૪૮૩ ટન કેમિકલ કચરો પાણીમાં છોડશે. બેલ્જિયમના લોકો પ્લાસ્ટિક કચરાની બાબતમાં મોખરે છે. તેમના વ્યક્તિદીઠ પ્લાસ્ટિક વેસ્ટનું વાર્ષિક ઉત્પાદન ૧૪૭.૭ કિગ્રા છે.

## ભારતમાં પ્લાસ્ટિક વેસ્ટનું માથાદીઠ ઉત્પાદન સૌથી ઓછું

# ગામડા અને નાના શહેરોમાં UPI પેમેન્ટમાં ૧૧૮ ટકાનો વધારો

**PayNearby એ આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બર વચ્ચે લગભગ ૧૦ લાખ દુકાનો પર ટ્રાન્ઝેક્શન રેકોર્ડના આધારે સર્વે આધારિત સંશોધન કર્યું છે**




ગ્રામીણ અને નાના શહેરોમાં UPI ચુકવણીમાં ૧૧૮%નો વધારો થયો છે. જ્યારે યુટિલિટી ચુકવણી, રોકડ સંગ્રહ, ક્રેડિટ અને વીમા જેવી ચૂકવણીઓ ઝડપથી વધારો થયો છે. એક વર્ષમાં ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં રિટેલ સ્ટોર્સ પર યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) દ્વારા થતા વ્યવહારોમાં ૧૧૮%નો વધારો થયો છે. જો આપણે તેની કિંમત એટલે કે ટ્રાન્ઝેક્શન કરેલી રકમની વાત કરીએ તો તેમાં પણ ૧૦૬%નો વધારો જોવા મળ્યો છે. મોબાઈલ પોઈન્ટ ઓફ સેલ પરના વ્યવહારો પણ ૫% વધ્યા છે.

ફિનટેક ફર્મ PayNearby દ્વારા 'રિટેલ-ઓ-નોમિક્સ' નામના અભ્યાસમાં આ આંકડા આપવામાં આવ્યા છે. PayNearby એ આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બર વચ્ચે લગભગ ૧૦ લાખ દુકાનો પર ટ્રાન્ઝેક્શન રેકોર્ડના આધારે સર્વે આધારિત સંશોધન કર્યું છે. રિપોર્ટ અનુસાર, આ ટ્રાન્ઝેક્શન ડેટા માત્ર બેંકિંગ અને નાણાકીય વ્યવહારો પૂરતો મર્યાદિત નથી. આમાં અન્ય ડિજિટલ સેવાઓ જેવી કે યુટિલિટી પેમેન્ટ્સ, રોકડ સંગ્રહ, ક્રેડિટ, વીમો, આસિસ્ટેડ કોમર્સ અને અન્ય તમામ પ્રકારના વ્યવહારોનો સમાવેશ થાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડિજિટલ પેમેન્ટને લઈને લોકોમાં જાગૃતિ વધી છે. આ રિપોર્ટ અનુસાર, UPI પ્લેટફોર્મ સ્વિફ્ટ મનીના સ્થાપક સક્ષમ ભગતે ઈન્ટરનેટ કોમર્સ સમિટમાં જણાવ્યું કે UPI આજના ડિજિટલ ઈન્ડિયા અને રિટેલ સેક્ટરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. તે માત્ર ગ્રાહકો માટે જ નહીં પરંતુ નાના અને મોટા વેપારીઓ માટે પણ તેમના વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે છે, પછી તે ગ્રામીણ વિસ્તારો હોય કે મોટા શહેરો.

આ શક્ય છે કારણ કે તે માત્ર વેપારી અને ગ્રાહકોને સગવડ પૂરી પાડે છે પરંતુ ગ્રાહકની જીવનશૈલીને સુધારવામાં પણ મદદ કરે છે. તેથી, લોકો UPI પેમેન્ટનો ઉપયોગ માત્ર એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા ઓનલાઈન પ્લેટફોર્મ પર જ નહીં, પરંતુ તેમની દિનચર્યામાં પણ કરી રહ્યા છે. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર, આ વર્ષે ૧ થી ૧૮ ડિસેમ્બર સુધીમાં કુલ ૭૦૩૦.૫૧ મિલિયન (લગભગ ૭૦૩ કરોડ રૂપિયા)ના વ્યવહારો થયા છે. આ વ્યવહારો દ્વારા ટ્રાન્ઝેક્શન થયેલી રકમ લગભગ ૧૧ લાખ કરોડની છે.

# સૂતા પહેલા ગોળ સાથે ગરમ દૂધ પીવાથી તણાવ ઓછો થાય છે



આજના વ્યસ્ત જીવનમાં તણાવ એક સામાન્ય બાબત બની ગઈ છે. તણાવને કારણે ઘણી વખત વ્યક્તિ આખી રાત સૂઈ શકતો નથી. રાત્રે અનિદ્રા એ એક સામાન્ય સમસ્યા છે જેનાથી ઘણા લોકો પીડાય છે. રાત્રે સારી ઊંઘ મેળવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે શરીર અને મનને આરામ અને ઊર્જાથી ભરવા માટે પૂરતી ઊંઘ ખૂબ જ મહત્વપૂર્ણ છે. સૂતા પહેલા ગોળ સાથે ગરમ દૂધ પીવાથી તણાવ ઓછો થાય છે અને સારી ઊંઘ આવે છે. તે આપણા સ્નાયુઓને ઢીલા કરે છે અને શરીરને આરામ આપે છે. તેથી, ગરમ દૂધ અને ગોળ એક કુદરતી તાણ ઘટાડવાનું પીણું છે. હુંફાળું દૂધ પીવાથી આપણું પાચનતંત્ર મજબૂત બને છે અને ગોળમાં હાજર ફાઈબર આંતરડાને સાફ રાખવામાં મદદ કરે છે.

તે પેટમાં ગેસ, કબજિયાત અને એસિડિટી જેવી સમસ્યાઓને દૂર કરે છે અને રાત્રે સારી ઊંઘ લેવામાં મદદ કરે છે. ઘણી વખત એસિડિટી અને કબજિયાત જેવી સમસ્યાઓને કારણે રાત્રે સૂવામાં તકલીફ થાય છે. આવી સ્થિતિમાં તે પેટની પાચન તંત્રને સ્વસ્થ રાખે છે. દૂધમાં તાણ વિરોધી ગુણો જોવા મળે છે જે શરીર અને મનને શાંત કરવામાં મદદ કરે છે. દૂધમાં ટ્રિપ્ટોફેન નામનું એમિનો એસિડ હોય છે જે મગજના કાર્યોને નિયંત્રિત કરે છે અને શરીરને આરામની સ્થિતિમાં લાવવામાં મદદ કરે છે.

# ભારતમાં સૌપ્રથમ સૂર્યોદય અરુણાચલમાં જોવા મળે છે

સામાન્ય જ્ઞાન જેમ જેમ આ જ્ઞાન વધારવામાં મદદ કરે છે, તેમ દેશ-વિદેશની ઘણી બધી માહિતી જાણવા મળે છે. આ લેખમાં તમને એક પરિચિત પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, પરંતુ તેનાં જવાબથી ઘણા લોકો અજાણ છે. ભારતના કયા રાજ્યના કયા ગામમાં સૌપ્રથમ સૂર્યોદય થાય છે? તે ગામનું નામ શું છે? પ્રથમ સૂર્યોદયને કારણે ઘણા તેને ભારતનું 'જાપાન' કહે છે. આ પ્રશ્નનો જવાબ આપતી વખતે, ઘણા લોકો મૂંઝવણમાં મુકાય છે. હવે જવાબ પર આવીએ. ભારતમાં સૌપ્રથમ સૂર્યોદય અરુણાચલ પ્રદેશમાં જોવા મળે છે. અરુણાચલ પ્રદેશ રાજ્યના અંજાઓ જિલ્લાનું એક નાનકડું ગામ ડોંગ આપણા દેશમાં પ્રથમ સૂર્યોદયનું સાક્ષી છે. ચાલો જાણીએ શા માટે. દરિયાની સપાટીથી ૧,૨૪૦ મીટર ઉપર અરુણાચલના અંજોમાં નદી અને પર્વતોથી ઘેરાયેલું ચિત્ર જેવું ગામ ડોંગ છે. ચીન અને મ્યાનમાર વચ્ચે સેન્ડવીચ જેવુ થઈ ગયું હોવા છતાં, તે ફોર્મમાં કમી નથી. બ્રહ્મપુત્રાની ઉપનદી ડોંગની ભવ્યતામાં વધારો કરે છે, લોહિત અને સતીનો સંગમ પણ અહીં જ થાય છે. ભારતના આ પૂર્વીય ગામમાં દિવસનો પહેલો સૂર્ય ઉગતો હોવાની વાત સૌપ્રથમવાર ૧૯૯૯માં જાણવા મળી હતી. ધીરે ધીરે એ પ્રકાશ બીજે ફેલાઈ જાય છે. ડોંગમાં આ સૂર્યોદય જોવા માટે, પ્રવાસીઓએ પહાડીની પાછળ આવેલા આ ગામ સુધી પહોંચવા માટે ૮ કિમીનું અંતર કાપવું પડે છે. આ ડોંગ ગામમાં સૂર્ય દેશના અન્ય ભાગો કરતાં એક કલાક વહેલો ઉગે છે. સૂર્યાસ્ત પણ વહેલો થાય છે. શિયાળામાં અહીં સૂર્યોદય સવારે ૫.૫૪ વાગ્યે, સૂર્યાસ્ત સાંજે ૪.૩૦ વાગ્યે થાય છે. દેશમાં પ્રથમ સૂર્યોદય જોવા માટે આ ગામ પ્રવાસીઓમાં ખૂબ જ લોકપ્રિય છે.

# જંગલના રાજાને પણ ઊભી પૂછડીએ ભગાડે છે શ્વાન


**ઢોલને એશિયાટિક વાઈલ્ડ ડોગ, ઈન્ડિયન વાઈલ્ડ ડોગ અને રેડ ડોગ તરીકે પણ ઓળખવામાં આવે છે**

બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લામાં સ્થિત વાલ્મિકી ટાઈગર રિઝર્વ વિશ્વના કેટલાક દુર્લભ પ્રાણીઓ અને પક્ષીઓનું ઘર છે. યોગ્ય વાતાવરણ અને બહેતર જૈવવિવિધતાને કારણે અહીં આવા જીવો પણ જોવા મળે છે, જે ભારતના અમુક રાજ્યોમાં જ જોવા મળે છે.

ઢોલ નામ સાંભળીને તમને કદાચ વિચિત્ર લાગશે, પરંતુ આ નામ શ્વાનની એક પ્રજાતિનું છે. ફ્ઈ ડિવિઝન-વન ફોરેસ્ટ ઓફિસર પ્રદ્યુમ્ન ગૌરવના જણાવ્યા અનુસાર, આ પ્રજાતિનું અસ્તિત્વ જોખમમાં છે. તેમ છતાં, આ શ્વાન વાલ્મિકી ટાઈગર રિઝર્વના જંગલોમાં પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. તેમની વિશેષતા એ છે કે તેઓ હંમેશા ૧૫ થી ૨૦ ના જૂથમાં રહે છે અને તેમના શિકારને ચારે બાજુથી ઘેરી લે છે અને તેમને કરડીને મારી નાખે છે. ફ્ઈમાં કામ કરતા વાઈલ્ડલાઈફ એક્સપર્ટ અભિષેકના જણાવ્યા પ્રમાણે, આ કૂતરા એટલા નીડર છે કે તેઓ જંગલના સૌથી ટોચના શિકારીઓ, વાઘ અને ચિત્તા સાથે પણ લડે છે. વાસ્તવમાં, આ શ્વાનની તાકાત તેમનું જૂથ છે. તેઓ કોઈપણ દુશ્મન પર ચારે બાજુથી હુમલો કરવાનું શરૂ કરે છે. આ કારણે કોઈપણ પ્રાણી માટે તેમની સાથે વ્યવહાર કરવો મુશ્કેલ બની જાય છે. ઢોલને એશિયાટિક વાઈલ્ડ ડોગ, ઈન્ડિયન વાઈલ્ડ ડોગ અને રેડ ડોગ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ખૂબ જ કુશળ શિકારીઓ છે, જે તેમના કદ કરતાં દસ ગણા કરતાં વધુ પ્રાણીઓને મારવામાં સક્ષમ છે. નાના જૂથના ઢોલ સસલા, ઉંદર હરણ અને જંગલી સુવર જેવા નાના પ્રાણીઓનો શિકાર કરે છે. પરંતુ મધ્યમ અને મોટા ટોળાં ઘણીવાર સાંભર અને ચિતલ જેવા હરણનો શિકાર કરે છે. ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર દ્વારા ઢોલને લુપ્તપ્રાય પ્રજાતિ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે.

# શું આ પરિવાર શ્રાપિત છે? પાંચ વર્ષની ઉંમરે જતી રહે છે દ્રષ્ટિ

**જેમ જેમ તે પાંચ વર્ષના થાય છે તેમ તેમ તેની આંખોની રોશની ધીમે ધીમે ઓછી થવા લાગે છે**




ઈશ્વરે ખૂબ જ સમજી વિચારીને માણસની રચના કરી છે. એક શરીરમાં ટકી રહેવા માટે જરૂરી તમામ વસ્તુઓને જોડીને માણસનું સર્જન થયું છે. નાક શ્વાસ માટે અને આંખો જોવા માટે બનાવવામાં આવી હતી. ઘણી વખત કેટલાક લોકો આ ગુણો વગરના હોય છે. કેટલાક જન્મથી જ અંધ હોય છે. પરંતુ હાલમાં જ સોશિયલ મીડિયા પર એક એવા પરિવાર વિશે શેર કરાયુ છે જ્યાં લોકો જન્મથી અંધ નથી. બાળકો પાંચ વર્ષના થાય કે તરત જ તેમની આંખોની રોશની ધીરે ધીરે ઓછી થઈ જાય છે. વીડિયો જોયા બાદ ઘણા લોકોએ તેને આનુવંશિક રોગ સાથે જોડી દીધો. એક જ પરિવારની આવતી તમામ પેઢી અંધ બની રહી છે, તેને જીન્સ સાથે સંબંધ છે. પરિવાર દર વર્ષે મોટો થતો જાય છે. તેના સભ્યોને લાગે છે કે, કદાચ એવું બાળક જન્મે જે અંધ ન હોય. આ આશામાં પરિવારની વસ્તી સતત વધી રહી છે. આ પરિવારની કહાની જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. આ વીડિયો જોયા પછી બધા ચોંકી ગયા છે. વીડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ પરિવારના તમામ લોકો અંધ છે. લોકો ચર્ચા કરી રહ્યા છે કે, આ કોઈ રોગ અથવા શ્રાપને કારણે છે. અહીં જન્મ સમયે બાળકોની દૃષ્ટિ સારી હોય છે. પરંતુ જેમ જેમ તે પાંચ વર્ષના થાય છે તેમ તેમ તેની આંખોની રોશની ધીમે ધીમે ઓછી થવા લાગે છે. થોડીવારમાં જ બાળક અંધ બની જાય છે. પરિવારના પુત્રએ તેમની વાર્તા શેર કરી.

તે વીડિયોમાં કહી રહ્યો છે કે, તેના દાદા અંધ હતા. આ સિવાય દાદી, માતા-પિતા, પોતે અને પરિવારમાં જન્મેલા તમામ બાળકો પાંચ વર્ષના થતાં જ અંધ બની જાય છે. આનું કારણ શું છે તે આજ સુધી કોઈ જાણી શક્યું નથી. બધા એક જ ઘરમાં સાથે રહે છે. ઘરનું કામ ઘરની વહુઓ કરે છે.

# મહિલાએ શોધ્યો ૧૮ લાખ વર્ષ જુનો 'ખજાનો', જાણો શું છે તેમાં

**ઈંગ્લેન્ડના એક્ઝેટરમાં રહેતી ૫૬ વર્ષીય ક્રિસ બીન બીચ પર ચાલી રહી હતી ત્યારે તેણે રેતી અને કાંકરી વચ્ચે કંઈક જોયું**



લાખો વર્ષો પહેલા વિશ્વમાં વિશાળકાય પ્રાણીઓ રહેતા હતા. ડાયનાસોર વિશે તો દરેક જણ જાણે છે, પરંતુ બહુ ઓછા લોકો એ પણ જાણતા હશે કે પહેલા વિશાળકાય હાથીઓ પણ પૃથ્વી પર વસવાટ કરતા હતા. આ મેમોથ કહેવાતા. આજે પણ તેમના અવશેષો વિશ્વના વિવિધ ભાગોમાં જોવા મળે છે. આવું જ કંઈક ઈંગ્લેન્ડમાં પણ જોવા મળ્યું છે. બીચ પર ચાલતી એક મહિલાએ કંઈક અજુગતું જોયું અને ખોદવાનું શરૂ કર્યું અને તેને મેમથ મળ્યો હતો. ઈંગ્લેન્ડના એક્ઝેટરમાં રહેતી ૫૬ વર્ષીય ક્રિસ બીન બીચ પર ચાલી રહી હતી ત્યારે તેણે રેતી અને કાંકરી વચ્ચે કંઈક જોયું. તેણે થોડું ખોદકામ કર્યું ત્યારે તેને લાખો વર્ષ પહેલા જીવતા મેમથના અવશેષો મળ્યા. . તેણે કહ્યું, "મેં તે વસ્તુ જમીન પર પડેલી જોઈ અને મને લાગ્યું કે તે દાંત અથવા તેના જેવું જ કંઈક હોઈ શકે છે. જ્યારે મેં મારા હાથ વડે ખોદવાનું શરૂ કર્યું, ત્યારે મને સમજાયું કે તે જમીનની અંદર એટલી ઊંડી છે કે મને મળી નથી. તે. હું તેને ખોદી શકીશ નહીં. ક્રિસ બીને કહ્યું કે તે તેના પતિ સાથે બીચ પર ગઈ હતી. તેણે કહ્યું કે જ્યારે મારા પતિ અને મેં સાથે મળીને ખોદકામ કર્યું ત્યારે અમને ખબર પડી કે તે અશ્મિભૂત દાંત છે. ક્રિસે કહ્યું, "નોર્થ એક્સના દરિયાકિનારા આવી વસ્તુઓ શોધવા માટે પ્રસિદ્ધ છે. પરંતુ હું હજી પણ પોતે તેના પર વિશ્વાસ કરી શકતો ન હતો અને ખોદતી વખતે મને આશા હતી કે તે મેમથનો દાંત છે." તેણે કહ્યું કે જ્યારે દાંત કાઢવામાં આવ્યો ત્યારે અમે બંને લાંબા સમય સુધી હસતા રહ્યા. જે મેમથ દાંતની શોધ કરવામાં આવી છે તે ૬.૫ થી ૭ ઈંચ લાંબા અને પહોળા છે. તેનું વજન લગભગ ૨ કિલો છે. આના પરથી અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે જ્યારે દાંત આટલો ભારે હોય છે તો આ પ્રાણી કેટલું વિશાળ હશે. મેમથ ૧૮ લાખ વર્ષ પહેલા પૃથ્વી પર રહેતા હતા. તેમની રચના બિલકુલ હાથીઓ જેવી હતી, પરંતુ તેમને ઠંડીથી બચાવવા માટે શરીર પર એક જાડું પડ હતું. તેમની પાસે હાથીઓની જેમ થડ અને લાંબા દાંત હતા. મેમોથના અવશેષો પુરાતત્વવિદો અને વૈજ્ઞાનિકો માટે ખજાના જેવા છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં તેમના સત્તાવાર લોક કલ્યાણ માર્ગ નિવાસસ્થાને નવા સભ્યના આગમનની જાહેરાત કરી છે. X પર શેર કરેલા હૃદયસ્પર્શી વીડિયોમાં, વડાપ્રધાને એક નવજાત વાછરડાનો પરિચય કરાવ્યો, જેને તેમણે 'દીપજ્યોતિ' નામ આપ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### પોરબંદરમાં પ્રેમીએ પ્રેમિકાની સ્કુટી સળગાવી દેતા ચકચાર

। (એજન્સી) પોરબંદર, તા.૧૪ ।

પોરબંદરમાં ચોંકાવનારી ઘટના આવી સામે આવી છે. પોરબંદરમાં એક પ્રેમીએ પ્રેમિકાની એક સામાન્ય વાતને લઈને જ પ્રેમિકાની સ્કૂટીને આગ લગાવી દીધી હોવાની ઘટના સામે આવી છે. ઘટનામાં પ્રેમિકાની સ્કૂટી બળીને ખાખ થઈ ગઈ છે. મળતી માહિતી અનુસાર પ્રેમિકાના ઘરે ગયેલો પ્રેમી કુખ્યાત ગેંગનો સાગરીત છે. ભાવેશ્વર મંદિર પાસે રહેતી પ્રેમિકાને યુવક મળવા ગયો હતો. ત્યારે યુવતીનો પ્રેમી મિત્ર સાથે ઘરે આવી સ્કુટીને આગ લગાડી હતી. પ્રેમીના મિત્રો હથિયાર સાથે લઈને આવ્યો હોવાનું સામે આવ્યુ હતુ. યુવતીએ ઘરનો દરવાજો ન ખોલતા પ્રેમીને ગુસ્સો આવતા સ્કૂટીને આગ લગાવી હતી. જેના પગલે પ્રેમી અને તેના મિત્ર વિરુદ્ધ પ્રેમિકાએ ફરિયાદ નોંધાવી છે.

### સગીરા સાથે દુષ્કર્મના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની કેદની સજા

। (એજન્સી) વડોદરા, તા.૧૪ ।

વડોદરા શહેરના માંજલપુર પોલીસ સ્ટેશનમા ગત તા.૨૫ નવેમ્બર ૨૦૨૧ના રોજ નોંધાયેલ ફરીયાદ અનુસંધાને સગીરા સાથે દુષ્કર્મ, છેડતી અને ધમકી આપવાના ગુનામાં વડોદરા પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. ફરીયાદ મુજબ આરોપી દિનેશ ઈશ્વરભાઈ પરમાર એ સગીરાને લગ્નની લાલચ આપીને પોતાના ઘરમાં બોલાવીને અને ફરવા લઈ જઈને અનેક વખત સગીરાની મરજી વિરુદ્ધ શારીરીક સંબંધો બાંધ્યા હતા અને દિનેશે સગીરાના વાંધાજનક ફોટા પાડીને તેને વાયરલ કરી દેવાની ધમકી આપી હતી. ઉપરાંત સગીરાને એવી ધમકી આપી હતી કે " જો તું આ વાત તારા ઘરના સભ્યોને કહીશ, તો તને તથા તારા પરીવારને જાનથી મારી નાખીશ." ગુનાની તપાસ દરમ્યાન જાણવા મળ્યું હતું કે આરોપી ૩૫ વર્ષનો દીનેશ પરમાર પરણિત છે અને બે સંતાનોનો બાપ છે. આ કેસ સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં ચાલી જતાં સરકાર તરફે એડી.પી.પી. આર. એસ.ચૌહાણે કરેલી દલીલો અને પોલીસ દ્વારા રજુ કરવામા આવેલા પુરાવાઓને ધ્યાને રાખીને સ્પે.પોક્સો જજ અને ચોથા એડીશનલ સેસન્સ જજ એમ.ડી. પાન્ડયેએ આરોપી દિનેશ પરમારને દોષિત ઠરાવી ૨૦ વર્ષ સખ્ત કેદની સજા તથા ૧૦,૦૦૦ દંડની સજા ફટકારી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને અનુલક્ષી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જી.એમ.ડી.સી. મેદાનની મુલાકાત લઇ સ્થળ નિરીક્ષણ કર્યું



આગામી તારીખ ૧૬ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અમદાવાદના જી.એમ.ડી.સી. મેદાન ખાતેથી કરોડો રૂપિયાનાં પ્રજાલક્ષી વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થનાર છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કાર્યક્રમ સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીએ રાજ્યના વહીવટી તંત્ર દ્વારા ઉક્ત કાર્યક્રમને અનુલક્ષીને કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરી, આવશ્યક માર્ગદર્શક સૂચનો પણ કર્યાં હતાં. આ તકે સ્થાનિક ધારાસભ્યઓ, રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના અધિક મુખ્યસચિવ પંકજ જોશી, અધિક મુખ્ય સચિવ એમ.કે. દાસ, શહેરી વિકાસ વિભાગના અગ્રસચિવ અશ્વિનીકુમાર, અમ્યુકો કમિશનર થેન્નારસન, જીયુડીસીના એમડી રાજકુમાર બેનિવાલ, અમદાવાદ કલેક્ટર પ્રવીણા ડી.કે., અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિક સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૪૨ ગામો માટે એલર્ટ જાહેર
# નર્મદા ડેમની સપાટી ૧૩૬ મીટરને પાર થઈ



। (એજન્સી) નર્મદા, તા.૧૪ ।

ગુજરાતમાં ચોમાસાનો વિધિવત્ પ્રારંભ થયાને ત્રણ મહિનાનો સમય વીતી ચૂક્યો છે. રાજ્યમાં ત્રણ મહિના દરમિયાન ધોધમાર વરસાદે ડેમમાં પાણીની સ્થિતિ પણ બદલી નાખી છે. ગુજરાતમાં સરદાર સરોવર ડેમની સપાટી પહેલી વખત ૧૩૬ મીટરને પાર થઈ છે. ઉપરવાસમાં ભારે વરસાદ ચાલુ રહેવાથી પાણીની આવકમાં સતત વધારો થતાં સરદોર સરોવરની પાણીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધી ઉપરવાસમાંથી લગભગ સાડા ત્રણ લાખ ક્યુસેક પાણીની આવક થઈ છે. હાલ નર્મદા નદીમાંથી કુલ ૩,૧૭,૦૧૪ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. ૧૩મી સપ્ટેમ્બરની સાંજે ડેમની સપાટી ૧૩૬.૦૩ મીટરે પહોંચી હતી. રાજ્યમાં મેઘરાજા મન મુકી વરસી રહ્યા છે. કેટલાક વિસ્તારોને તો વરસાદે ઘમરોળ્યું હોય તેવું લાગી રહ્યું છે. જળબંબાકારની પરિસ્થિતિ વચ્ચે ગુજરાતવાસીઓ માટે સારા સમાચાર આવી રહ્યા છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની જળ સપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. ઉપરવાસમાંથી પાણીની આવક ચાલુ રહેતા જળસ્તર જાળવી રાખવા ડેમના ૧૫ દરવાજા ૨.૫૦ મીટર સુધી ખોલી નાંખવામાં આવ્યા છે.

બીજી તરફ, વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાના ૪૨ ગામને એલર્ટ કરાયા છે. નર્મદા ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. રાજ્યમાં ભારે વરસાદના કારણે ૨૦૭ ડેમમાંથી ૧૧૯ ડેમ તો ઓવર ફ્લો થઈ ચૂક્યા છે. સરદાર સરોવરમાં ૯૦ ટકા જળસંગ્રહ થઈ ચૂક્યો છે. રાજ્યમાં સિઝનનો સરેરાશ ૧૨૪ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. જેમાં સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૮૩ ટકા, સૌરાષ્ટ્ર ઝોન ૧૩૦ ટકા, દક્ષિણ ગુજરાત ઝોન ૧૨૮ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાત ઝોન ૧૨૦ ટકા અને ઉત્તર ગુજરાત ઝોનમાં ૧૦૭ ટકા વરસાદ નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ભારે વરસાદના કારણે ૨૦૭ ડેમમાંથી ૧૧૯ ડેમ તો ઓવર ફ્લો થઈ ચૂક્યા છે. સરદાર સરોવર ડેમમાં ૯૦ ટકા જળસંગ્રહ થઈ ચૂક્યો છે. વડોદરા જિલ્લામાં નર્મદા નદી કિનારાના શિનોર, ડભોઈ અને કરજણ તાલુકાના કુલ ૨૫ ગામોમાં તકેદારી અને સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. આ ગામોના તલાટી અને તાલુકાના લાયઝન અધિકારીઓને અગમચેતીના પગલાં લેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

### ૧૭મી સપ્ટેમ્બરના યોજાવાનો હતો પેન ડાઉન કાર્યક્રમ
# રાજ્ય સરકારના કર્મચારીઓની હડતાળ મોકૂફ રાખવામાં આવી
### મોદીના ગુજરાત પ્રવાસના લીધે કર્મચારી મંડળે લીધો નિર્ણય : સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માની જાહેરાત

। (એજન્સી) ગાંધીનગર,તા.૧૪ ।

રાજ્ય સરકારના કર્મચારીઓ દ્વારા પડતર માંગણીઓને લઈને આગામી ૧૭મી સપ્ટેમ્બરના રોજ પેન ડાઉન કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી જો કે આ હડતાળ હવે છેલ્લી ઘડીએ મોકૂફ રાખવામાં આવી છે. આગામી ૧૬ અને ૧૭મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવતા હોય જેના લીધે કર્મચારી મંડળ દ્વારા સરકારની વિનંતીના પગલે હડતાળ મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. આ અંગેની સત્તાવાર જાહેરાત સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કરી છે. મળતી માહિતી મુજબ, આજે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે રાજ્ય સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચો, ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જે રજૂઆત મંત્રીમંડળના પાંચ સભ્યોની ટીમ સમક્ષ કરવામાં હતી. તે રજૂઆતોને લઈને સરકાર હરહંમેશ હકારાત્મક સતત ચિંતિત છે. કર્મચારીઓની લાગણી માંગણીઓ સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું હરહંમેશ હકારાત્મક વલણ રહ્યું છે. કર્મચારીઓની તમામ માંગણીઓ મુખ્યમંત્રીના ધ્યાને મૂકવામાં આવી છે અને આગામી સપ્તાહમાં મંડળ સાથે વાટાધાટો બાદ યોગ્ય નિર્ણય કરવા મુખ્યમંત્રીએ પણ હકારાત્મક દિશામાં આગળની પ્રક્રિયા કરવાની સૂચના આપી છે.

### મૃતક યુવક વિરુદ્ધ પોલીસ મથકમાં છેડતી અંગે ફરિયાદ નોંધાઈ હતી
# સુરતમાં બાળકીની છેડતીના આરોપ બાદ યુવકનો ફાંસો ખાઈ આપઘાત

। (માહિતી) સુરત, તા.૧૪ ।

સુરત સુરત શહેરના ડીંડોલી વિસ્તારમાં પાંચ વર્ષની બાળકીની છેડતીના આરોપ બાદ યુવકે આજે સવારે ઘર પાસે ઝાડની ડાળી સાથે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી હતી. ગઈ રાત્રિએ મૃતક યુવક વિરુદ્ધ પોલીસ મથકમાં છેડતી અંગે ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ડીંડોલી વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષીય નયન સૂખાભાઈ પટેલ છૂટક મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. ગઈ કાલે સાંજે છ વાગ્યાના સમયગાળા દરમિયાન નયને મહોલ્લામાં રહેતી પાંચ વર્ષની બાળકીને ૧૫ રૂપિયા આપીને મહોલ્લાની બહાર નાકા પર ચા બિસ્કિટ લેવા માટે મોકલી હતી. ચા બિસ્કિટ લઈને ઘરે પરત ફરેલી બાળકીને નયન પોતાના ઘરમાં લઈ ગયો હતો અને જ્યાં તેણે તેણીને ૧૦ રૂપિયા આપી શારીરિક અડપલાં કર્યા હતા. જેના કારણે બાળકી ગભરાઈ ગઈ હતી અને દોડતી દોડતી પોતાના ઘરે જઈ તેની માટેના જાણ કરી હતી. બાદમાં રાત્રે કામ પરથી પરત આવેલા બાળકીના પિતાને આ વતની જાણ કરતા તેઓએ નયનના ઘરે જઈ બબાલ કરી હતી અને બાદમાં ડીંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદ આધારે પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી. પોલીસ પકડી જશે તેવા ડરના માર્યા આરોપી નયને આજે સવારે પોતાના ઘર પાસે ઝાડની ડાળી સાથે દોરી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આપઘાતના બનાવ અંગે ડીંડોલી પોલીસે આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨